


529

: માસિક :

તંત્રીઓ :- પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી.
શ્રી. ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીઆ

વર્ષ ૩ જું
અંક ૧૨

પ્રેરક : મુનિશ્રી ત્રૈલોક્ય સાગરજી

સં. ૨૦૧૮ આસો
સળંગ અંક ૩૬



## નૂતન વર્ષાભિનંદન

ભગવાન મહાવીરના નિર્વાણ અને ગણધર ગૌતમના કૈવલ્યરૂપ મંગલમય દિને—અમારા માસિકના પ્રકાશનમાં સહકાર આપનાર શુભેચ્છકો, ગ્રાહકો, લેખકો, પ્રચારકો જાહેર ખબર આપનાર વહેપારી વર્ગ વિગેરેનું અમો મંગલ ઈચ્છીએ છીએ.

—તંત્રીઓ

# ચિંતન કણિકાઓ

નમસ્કાર મહામંત્રના પ્રભાવ આગળ બીજા મંત્રો ફાટેલા દૂધના કુચા જેવા છે.

*

વરદાન નથી માંગતો મારા દેવતા! હું તો લાયકાત માંગુ છું.

*

લડાઈ માટે સ્ત્રી, સત્તા અને સંપત્તિ આ ત્રણમાંથી એક બસ છે.

*

વહુ, દીકરાની માત્ર પરણેતર જ નથી, એ તો બે પેઢીઓની બે જુદા જુદા કુટુંબોને એક અતૂટ કડી છે.

*

રસ નહિ, કસ માંગવાનું મને તો પસંદ છે.

*

સત્તાની સાઠમારી નહિ, સેવાની દોડધામ મેં તો માંગી હતી દેવતા મારા!

*

ના કહો તેનો વાંધો નથી પણ એ જરા હળવેથી કહો ગુસ્સાથી નહિ.

*

સાથ અને સહકારનો સરવાળો એટલે જ સમૃદ્ધિ

*

લલના નહિ લલનાની લાલસા ભયાનક છે.

*

મૃત્યુ એ જીવનનો અંત નથી. નવજીવનનું એ તો મંગલાચરણ છે.

*

બાજી બધી કંઈ હારની નથી હોતી, જીતની પણ હોય છે.

*

રડો પણ આંખથી નહિ, હૈયાથી રડો.

*

કર્યા પછી એણે કીધું: 'એ તો મેં કર્યું છે, કેવું સરસ કર્યું!'
અને જ્યારે એણે વિદાય લેતાં ત્યાં જોયું તો ત્યાં પાણી ફરી વળ્યું હતું!!...

—મૃદુલ.



# ગંગાના ઓવારેથી

લે. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી



## સમ્યક્ત્વની પ્રાપ્તિ

જડ અને ચેતનનું ભિન્ન ભિન્ન પ્રકારે જ્ઞાન થતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. સ્થૂલ જડ પર્યાયોનું અનિત્ય અને આત્માથી ભિન્નત્વનો નિશ્ચય કર્યા પછી પંડિત મનુષ્ય પોતાના આત્મામાં જ આનન્દ માને છે. ભેદજ્ઞાનની પ્રાપ્તિ થતાં બાહ્ય શરીરાદિ વસ્તુપર મમત્વ ભાવનો અધ્યાસ ટળે છે. ગૃહસ્થાવાસમાં સ્થિત મનુષ્યો બાહ્ય વ્યાવહારિક કાર્યોને કરે છે. પણ યદિ જો તેઓ ભેદ જ્ઞાન (અધ્યાત્મ)ને પ્રાપ્ત કરે છે તો તેઓ બાહ્ય પદાર્થોમાં રાચી માચી શકતા નથી અને **પૃથ્વીચંદ્ર** તથા **ગુણસાગર**ની પેઠે કોઈક વખત ઉત્તમ નિર્લેપદશાને ધારણ કરવા સમર્થ બને છે. સૂર્યની સાથે પ્રેમ બાંધનાર કમલ પોતે જલમાં નિર્લેપ રહી શકે છે. તેમ આત્માના ગુણોનું પોષણ કરનાર અધ્યાત્મજ્ઞાન જેના હૃદયમાં જાગ્રત થાય છે તેનું મન પોતાના આત્મસન્મુખ રહે છે.

અધ્યાત્મજ્ઞાનથી આત્માનું વીર્ય જે અનાદિકાલથી પરભાવમાં પરિણમ્યું હતું તે પરભાવિક વીર્ય પણ શુદ્ધરૂપે બને છે. આત્માના જે જે ગુણો વા પર્યાયો પરભાવ સાથે પરિણમ્યા હોય છે તેનું અશુદ્ધ પરિણમન ટાળીને શુદ્ધ પરિણમન કરનાર ખરેખર અધ્યાત્મજ્ઞાનથી આત્માના શુદ્ધ ધર્મવિના અન્ય જડ પદાર્થોમાં ઈષ્ટત્વ જણાતું નથી.

દુનિયાના દરેક દેશો અને તેમાં પણ યુરોપ અમેરિકા વગેરે દેશોમાં બાહ્યજ્ઞાનથી મનુષ્યો, પ્રવૃત્તિ માર્ગમાં યા હોમ કરીને પડ્યા છે, અને તેથી તેઓ અન્ય દેશોને પણ પ્રવૃત્તિમાર્ગમાં ઘસડશે; અન્તે પરિણામ એ આવશે કે બાહ્યજ્ઞાનથી પ્રવૃત્તિમાર્ગની એટલી બધી ધમાલ ચાલશે કે, તેથી મનુષ્યો સ્વાર્થ, મોજમઝા, ભોગ અને ઈચ્છાના ઉપાસકો બનશે અને તેથી કષાયાદિનું સામ્રાજ્ય પ્રવર્તશે.

દુનિયાના પ્રવૃત્તિમાર્ગ અને વિષયભોગ, મોજશોખ, સ્વાર્થ અને કષાયાદિના સામું પોતાનું બળ અજમાવનાર ખરેખર અધ્યાત્મજ્ઞાન છે. અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિથી મનુષ્યો પ્રવૃત્તિમાર્ગમાં મન્દપણે પ્રવૃત્તિ કરે છે, અને તેઓ **હાય ધન ? હાય ધન ?** કહીને એકાન્તે ધનના પૂજારી બનતા નથી.

**બાહ્યેચ્છાઓનો નાશ કરનાર અને આત્મામાં સુખનો નિશ્ચય કરાવનાર આધ્યાત્મજ્ઞાનનો જો જગતમાં ફેલાવો થાય તો દુનિયામાંથી પાપની પ્રવૃત્તિ**

ઘણી ન્યૂન થઇ જાય.

અધ્યાત્મજ્ઞાનથી આત્માની સન્મખ મનની પ્રવૃત્તિ વળે છે, તેથી બાહ્યપદાર્થોમાં અહં-મમત્વ રહેતું નથી. પ્રારબ્ધ કર્મના અનુસારે બાહ્યપદાર્થોનો આહારાદિપણે ઉપયોગ થાય છે, તો પણ તેમાં અધ્યાત્મજ્ઞાનના પ્રતાપે બંધાવાનું થતું નથી. જ્ઞાનીને રાગના મન્દ-મન્દતર પરિણામે બાહ્ય પદાર્થોનો ભોગ થાય છે.

**મનુષ્યો, પોતાની ઉત્તમતા પરિપૂર્ણ અવબોધે તો તેઓ અન્યજીવોનો નાશ કરવા મન વચન** અને કાયાથી પ્રયત્ન કરે નહિ. **અનેક પાપી મનુષ્યો અધ્યાત્મ-જ્ઞાનના અભાવે હિંસાના ઘોર ધંધાઓ કરીને** હજારો **પશુઓ અને પંખીઓના** પ્રાણોને હણે છે; **જો તેઓ** જિનેશ્વરની **વાણીના અનુસારે અધ્યાત્મજ્ઞાન પામ્યા હોત તો પ્રાણીઓની હિંસા જેમાં થાય છે એવાં કતલખાના વગેરે હિંસક યંત્રો ચલાવત નહિ.** હંસ જેમ દુગ્ધ અને નીર બન્ને ભેગાં ભળી ગયાં હોય છે તેને ભિન્ન કરે છે તેમ, અધ્યાત્મજ્ઞાની પણ ધર્મ અને અધર્મનો ભેદ કરીને જડ ચેતનની ભિન્નતા અવબોધે છે.

**અધ્યાત્મજ્ઞાનની દુર્લભતાઃ—**

દુનિયાના પદાર્થોથી પરાઙ્મુખ થઈને આત્મામાં પરિણમવું એ કંઈ સામાન્ય વાત નથી. ઉલટી નદી તરવી સહેલ છે, સમુદ્ર તરવો સહેલ છે. મેરૂનું ઉલંઘન કરવું સહેલ છે. કલ્પવૃક્ષની પ્રાપ્તિ થવી એ સહેલ છે, પણ આત્માને પોતાના શુદ્ધરૂપે પરિણમાવનાર એવા અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ થવી એ દુર્લભ છે. સ્થૂલ પદાર્થોનું જ્ઞાન કરાવનાર એવી બાહ્ય વિદ્યાને તો લાખો અથવા કરોડો મનુષ્યો પ્રાપ્ત કરી શકે છે, કિન્તુ સમ્યક્‌ત્વનો નિશ્ચય કરાવનાર એવા અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ તો વિરલા મનુષ્યોને થઈ શકે છે.

ભાષાજ્ઞાનનાં વ્યાકરણોથી ભાષાજ્ઞાનનો વિવેક થાય છે. તેમ, તેથી અહંકાર વગેરેની પણ ઉત્પત્તિ થાય છે. તર્ક વા ન્યાય વિદ્યાનાં પુસ્તકોનું અધ્યયન કરવાથી અને ન્યાયાચાર્ય બનવાથી શુષ્કવાદ અને અહંકારાદિ દોષોનું ખરેખર અધ્યાત્મજ્ઞાન વા તત્ત્વજ્ઞાનના અભાવે પ્રાકટ્ય, દેખાય છે. અધ્યાત્મજ્ઞાન અને અધ્યાત્મક્રિયાથી રાગદ્વેષનો ક્ષય થાય છે. અધ્યાત્મજ્ઞાનના અને બાહ્યજ્ઞાનના વિવેકમાં આકાશ પાતાળ જેટલો ફેરફાર હોય છે.

જે ધર્મશાસ્ત્રોમાં અધ્યાત્મજ્ઞાન નથી તે ધર્મના મનુષ્યો, ધર્મની લડાઈઓ કરીને ધર્મના નામે હજારો વા લાખો મનુષ્યોના પ્રાણોનો સંહાર કરીને તેમાં ધર્મ માને છે, અધ્યાત્મજ્ઞાન વિના મનુષ્યો મોક્ષમાર્ગ સન્મુખ પ્રયાણ કરી શકતા નથી. જેઓના મતમાં (ધર્મમાં) શુષ્ક અધ્યાત્મજ્ઞાનની પ્રરૂપણા છે તેઓ પણ સમ્યક્‌દૃષ્ટિના અભાવે પોતાના આત્માની ઉચ્ચદશા કરવા સમર્થ બનતા નથી.

અધ્યાત્મજ્ઞાનથી દ્રવ્યદયા અને ભાવ-દયા કરવી એમ હૃદયમાં વિવેક પ્રકટે છે. તેમ જ આશ્રવના હેતુભૂત અવ્રતો ટાળવાં જોઈએ એમ હૃદયમાં વિવેક પ્રકટે છે. **મેઘના જલમાં એવી શકિત રહી છે કે તે ગમે ત્યાં નદીના આકારને પાડી શકે**

**છે તેમ જ્ઞાનમાં પણ એવી શક્તિ રહેલી છે કે તે ઉપાયોરૂપ ધર્મક્રિયાને પ્રકટાવી શકે છે.**

શ્રુતજ્ઞાનીઓ પોતાના જ્ઞાનબળથી કર્તવ્ય આચારરૂપ ક્રિયાના અધિકારને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી જાણી શકે છે. આત્માના શુદ્ધ પર્યાય રૂપ મોક્ષકાર્યમાં જ્ઞાન શક્તિ એ ઉપાદાન કારણ છે અને બાહ્યશક્તિ એ નિમિત્તકારણ છે. નિમિત્તકારણ વિના એકલા ઉપાદાનકારણથી પણ કાર્યની સિદ્ધિ થતી નથી, તેમ જ ઉપાદાન કારણ વિના એકલા નિમિત્તકારણથી પણ કરોડો ભવમાં કાર્યની સિદ્ધિ થતી નથી. જ્ઞાન અને ક્રિયા-સ્વરૂપ અધ્યાત્મતત્ત્વ હોવાથી તેની પ્રાપ્તિ વડે મોક્ષ કાર્યની સિદ્ધિ થાય છે. જ્ઞાનવિના ક્રિયાનું સ્વરૂપ પણ સમ્યક્રીત્યા સમજાતું નથી. જે જીવો જ્ઞાન પામે છે તે જીવો ધર્મક્રિયા કરવાના અધિકારી બને છે.

**આજકાલના ધર્મને આદરનારા કેટલાક જીવો પોતાનો અધિકાર અમુક ધર્માચારમાં કેટલો છે તે જાણવાને શક્તિમાન થતા નથી, તેથી ગાડરીયા પ્રવાહની પદ્ધતિનો તેઓ સ્વીકાર કરીને વીતરાગના વચનોનું સમ્યગરીત્યા આરાધન કરી શકતા નથી.**

અધ્યાત્મજ્ઞાનથી કઈ ધર્મક્રિયા કરવામાં પોતાનો અધિકાર છે. તેનો ખ્યાલ આવે છે. અને તેથી જે જે આચારો આચરવાયોગ્ય છે તેનો પોતાની મેળે મનુષ્ય આચાર આચરે છે. અધ્યાત્મજ્ઞાનીએ વ્યવહારમર્યાદાને પોતાના અધિકાર પ્રમાણે પાળવી જોઈએ.

હાલમાં જ્ઞાનમાર્ગની વૃદ્ધિ થતી જાય છે. તેથી પૂર્વાચાર્યોએ લખેલા અધ્યાત્મગ્રન્થો પ્રસિદ્ધિમાં આવવાથી, તે ગ્રંથોનું વાંચન ફેલાતું જાય છે અને તેથી અજ્ઞાનીઓ પણ **'અધ્યાત્મજ્ઞાન એ જૈન શાસનની ખરી ઋદ્ધિ છે.''** એમ અમુક અંશે સમજવા લાગ્યા છે. સમુદ્રની ભરતીમાં જેમ તીથિની અપેક્ષાએ તરતમતા છે,—પૂનમ અને અમા-વાસ્યાના દિવસે સમુદ્રની ભરતી વધે છે. ચંદ્રમાના કિરણોથી સાગરની ભરતી ચઢે છે. એમ પૂર્વાચાર્યોના વચનથી અવબોધાય છે; તદ્વત્ કેળવણીના પ્રતાપથી અધ્યાત્મજ્ઞાનનો ફેલાવો થાય છે તેને કોઈ નિવારવાને શક્તિ-માન્ નથી.

**પરમતારક વિભુ શ્રીવીરભગવાનની અધ્યાત્મવાણીનો પ્રકાશ ધીમે ધીમે પૃથ્વીપટ પર વિસ્તાર પામવા લાગ્યો છે. કેટલાક નાસ્તિક** જડવાદીઓ પણ વીશમા સૈકામાં **આત્માની નિત્યતા, પુનર્જન્મ** અને કર્મવાદનો સ્વીકાર કરવા લાગ્યા છે.

**વીશમીસદીમાં જ્ઞાનનાં કિરણોની કંઈક ઝાંખી થઈ છે; તેનો ખરો લાભ તો એકવીસમી સદીવાળાને મળવાનો એમ લેખક શ્રીમદ્‌નો અભિપ્રાય છે.**

इत्येवं ॐ अर्हं महावीर शान्तिः २

★

# 'રત્ન કંકણુ'

લે. શ્રી. ચિત્રભાનુ

શાણી સુમતિ ભગવાન મહાવીરની વાણી સાંભળવા ગઈ હતી. એનો પતિ આત્મારામ બહાર ગયો હતો. એના બંને યુવાન પુત્રો તળાવમાં સ્નાન કરવા ગયા હતા.

સુમતિએ વ્યાખ્યાનમાં સાંભળ્યુંઃ 'જ્યાં સંયોગ છે, ત્યાં વિયોગ છે. આત્મા સિવાય જગતની પ્રત્યેક વસ્તુ વિખૂટી પડે છે. આજે આપણે જેના માટે હસીએ છીએ તે જ વસ્તુ આવતી કાલે રડાવે છે. આનંદ અને શોક એક જ ત્રાજવાનાં બે પલ્લાં છે. અનંત સમાધિનો માર્ગ એક જ છે, મોહનો ત્યાગ! આ મોહનો ત્યાગ જનમે છે આત્માની એકલતાના જ્ઞાનમાંથી.'

સુમતિએ આ ઉપદેશને પોતાની હૈયાની દાબડીમાં ઝીલ્યો. એનો જ વિચાર કરતી, એને જીવનમાં વણવા મથતી એ ઘેર આવી, ત્યારે એકાએક સમાચાર મળ્યા.

'એના નાહવા ગયેલા બંને દીકરા ડૂબી મર્યા છે. પહેલાં એક નહાવા પડયો, પણ એ તો કીચડમાં ખૂંચતો જણાયો. એને કાઢવા બીજો ગયો પણ એ ખૂંચતો છોકરો બીજાને બાઝયો અને બંને ડૂબ્યા.'

જુવાનજોધ બે દીકરા એક સાથે ચાલ્યા જાય તો કઈ માતાનું હૈયું શોકમાં ન ડૂબે? સુમતિના હૈયાનાં કટકે કટકા થઈ ગયા. એ શોકના જંઝવાતમાં ઘેરાઈ ગઈ. એને મૂર્છા આવી. અને એ ધરતી પર ઢળી પડી.

થોડીવારે મૂર્છા ઉતરતાં, એના હૈયામાં જ્ઞાનવચનો આવવા લાગ્યાં.

'જ્યાંથી આનંદ આવે છે ત્યાં જ શોક હોય છે અને એ શોકના તળીયામાં જ શાંતિ હોય છે. શોકને ઉલેચી નાંખો, શાંતિ ત્યાં જ જડશે.'

સુમતિનો શોક ધીમે ધીમે ઉલેચાતો ગયો અને એ ઊંડી ને ઊંડી ઉતરતી ગઈ જ્યાં જીવનની પરમ શાંતિ હતી!

એણે પોતાના બંને પુત્રોના દેહને પથારીમાં પધરાવ્યા. એમના પર શ્વેત વસ્ત્ર ઓઢાડયું અને પતિની પ્રતીક્ષા કરતી એ વિચારમાં ડૂબી ગઈ.

આત્મારામે ડેલીમાં પગ મૂકયો અને એનો આનંદ ઊડી ગયો. વાતાવરણમાં જ કંઈક શોકની હવા વહેતી લાગી. રોજ એ ઘેર આવતો ત્યારે એની પત્ની હસતા મુખે એનું સ્વાગત કરતી, પણ આજ તો એ ઉદાસ હતી.

આત્મારામે પૂછયુંઃ—

'કેમ? આમ ઉદાસ કેમ? શું થયું છે? જાણે ઘરમાં શોકનો સાગર ઊમટી પડયો લાગે છે?'

'કાંઈ નથી, એ તો પાડોશી સાથે જરા કલહ થયો છે.' શોકના ભાસથી નમેલી પાંપણો ઊંચી કરતાં સુમતિએ કહ્યું.

આત્મારામને આશ્ચર્ય થયું. સુમતિનો સ્વભાવ એ જાણતો હતો. આખું ગામ ગરમ થાય તોયે એની આંખમાં શીતળતાનો સાગર લહેરાતો હોય, એવી એ શાંત હતી અને એવી જ એ શાણી પણ હતી.

આત્મારામે ગભરાઈને પૂછ્યું: એવું તે શું થયું કે તારે કજિયો કરવો પડ્યો?'

'કાંઇ નહિ, વીશ દિવસ પર આપણા દિનેશના લગ્ન હતાં એ વખતે હું પાડોશીને ત્યાંના બે રત્નકંકણ પહેરવા લાવી હતી. આજે એ માંગવા આવ્યાં મેં ન આપ્યાં એટલે બોલવું થયું અને કલહ વધ્યો.'

સુમતિ આટલું ધૈર્યપૂર્વક બોલી ગઇ પણ એના અવાજમાં વિષાદની છાયા હતી.

'તું યે ખરી છે. પારકાં કંકણ ક્યાં સુધી રખાય? એનો માલિક માગવા આવે ત્યારે આપી દેવાં જ જોઈએ ને! તારા જેવી શાણી સ્ત્રી આવી વાત પર કલહ કરે, તો થઈ રહ્યું ના? કોઈ જાણે તોયે હસે એવી આ વાત છે. જા, જા, જલ્દી પાછા આપી આવ.'

સુમતિને ઊભી કરતાં આત્મારામે મીઠો ઠપકો આપ્યો.

'જરા ઊભા તો રહો. તમે એ આપી આવવાનું કહો છો પણ મને એ કેટલાં ગમે છે!-મારું મન એમાં કેટલું રમે છે. એ તમે જાણો છો? કેવાં સુંદર એ રત્નકંકણ છે! એનો ઘાટ, એની ઝીણી ઝીણી કારીગરી, જેની જોડ ન જડે! અને એનાં રત્નો પણ કેવાં તેજસ્વી છે! નાથ, મને તો એ પાછાં આપવાનું જ મન નથી થતું. મનમાં થાય છે રાખી લઉં. પછી થવાનું હશે તે થશે. કજિયો તો કજિયો!'

આટલું કહેતાં કહેતાં તો સુમતિનું હૃદય ભરાઇ આવ્યું. એની પાસે જ્ઞાન હતું, છતાં વિષાદ કંઇ ઓછો નહતો!

'પણ આજે તને થયું છે શું? તું પાગલ તો નથી થઈને! અરે, તું આ શું બોલી રહી છે? જે વસ્તુ પારકી છે. તે કેટલા દિવસ રખાય? એના પર મમતા કરવી, એને પોતાની માનવી અને 'મારી' કહી શોક કરવો એ અજ્ઞાનતા નહિ તો બીજું શું છે? પારકી વસ્તુ તો જેમ વહેલી અપાય તેમ સારું' શિખામણ આપતાં આત્મારામે કહ્યું.

સુમતિ ઊભી થઈ. એણે પતિનો હાથ ઝાલ્યો. એનો હાથ ધ્રૂજતો હતો. એને તમ્મર આવી રહ્યા હતા. એની છાતી પર ભાર હતો. પણ શ્રમણ ભગવાન મહાવીરના જ્ઞાનના બોલ એના આત્માને આશ્વાસન આપી રહ્યા હતા. એ પતિને અંદર દોરી ગઇ.

ફુલ જેવાં પોતાનાં બે બાળકોના મૃતદેહ પર ઓઢાડેલું શ્વેત વસ્ત્ર એણે ઊંચકી લીધું અને જ્ઞાનના પ્રકાશથી પ્રબુદ્ધ બનેલી સુમતિએ કહ્યું.

'નાથ! આ આપણાં બે રત્નકંકણ એક સોળ વર્ષનું બીજું દસ વર્ષનું. આજ સુધી આપણે એમને રાખ્યાં. સાચવ્યાં, પણ આજે એમનો સમય પૂરો થયો અને એમણે એમનો માર્ગ લીધો. આપણે એમના ન હતા. એ આપણા ન હતા. થોડા સમય માટે આપણને એ મળ્યા હતા. હવે એમને નિસર્ગનાં ખોળામાં શાંતિપૂર્વક ધરવા એ આપણું કર્તવ્ય છે. એની પાછળ શોક અને રુદન વ્યર્થ છે. ગયેલી વસ્તુ આંસુથી પણ પાછી વળતી નથી. મૌનની શાંતિમાં આપણે એમને વિદાય

આપીએ.'

આત્મારામ તો આ જોઈ ત્યાં જ ઠળરો થઈ ગયા.

થોડી ક્ષણ માટે ત્યાં ગંભીર સ્તબ્ધતા છવાઈ ગઈ. ઘરમાં, હવામાં, વાતાવરણમાં બધે જ સ્તબ્ધતા હતી. અંતે એ પિતાની આંખમાં આંસુનું પૂર ધસી આવ્યું. એણે આંસુના પડદામાંથી જોયું તો સુમતિની આંખમાં પણ એ મોતિ જેવાં આંસુ હતાં. પણ એનાં પર જીવનની ઊંડી સમજણનાં ઉજ્જવળ કીરણો પ્રકાશી રહ્યાં હતાં.

★

# હું ટચુકડી વાર્તા

લે. વિમર્શ

"અહીં એક એવો ભિખારી સૂતો છે જેણે જગતમાંથી ભીખ મીટાવી દેવા ભેખ લીધો હતો અને ભીખ માંગતા માંગતા જ એ સદાય માટે અહીં સૂઈ ગયો છે...."

કબર પરની તકતી વાંચી મારા આશ્ચર્યનો પાર ન રહ્યો.

"બાબુજી! એ રોજ બપોરે મારી પાસે આવતો ને કહેતો અહીં બેસો, દાદા! આમ ભીડમાં જાવ મા. લો, આ ખાઈ લો. એમ કહી એ મને એ રોજ જમાડતો હતો...." કબર પાસે બેઠેલો એક અંધ ભિખારી બોલી ઊઠ્યો.

"અને એ રોજ મને રાતના આવીને સુવાડતોને પાણીનો પ્યાલો ભરી દેતાં...." અંધ ભિખારીની બાજુમાં બેઠેલા એક અપંગ ભિખારીએ તેની વાત કરી.

"આ મારી નાની લાકડીને એ ઉચકતો, ચૂમીઓ ભરતો ને ભીખમાં માંગી લાવેલા ગાભા અને થોડા ચણા આપતો...." એક ડોશીએ તેની નાની ગંદી દીકરીને બતાવીને કહ્યું.

"પણ એ હતો કોણ?" મેં મારા ભોમિયાને પૂછ્યું.

"એ એક ઘેલો જુવાન હતો. ઘરનો સુખી હતો. ગાંધીજીનું એણે સાહિત્ય વાંચ્યું અને એણે આ દરિદ્રનારાયણોની સેવા કરવાનું વ્રત લીધું એણે ઘર છોડી ભીખ માંગવી શરૂ કરી. સાથે સાથે મજુરી પણ કરવા લાગ્યો. મજુરીમાંથી મળેલું એ આ અપંગ ને નિરાધાર નારાયણોને આપી દેતો ને ભીખમાંથી એ પોતાનું ગુજરાન ચલાવતો.

એક રાતે મોટર અકસ્માતમાં એ માર્યો ગયો.

અને આ સદ્ભાગ્યે એ મોટર એના બાપની જ હતી. બાપે દવા કરી, પણ દવા કામ ન આવી.

અનેક નિરાધારને નિઃસહાય નારાયણોનો એ દીવો એની જ મોટરની હડફેટમાં થોડા દિવસોમાં રામ થઈ ગયો!...

તેના અન્તજન સમા ભિખારીઓને ખબર પડી એને તેમણે આ સ્મારક ઊભું કર્યું.

બસ. આટલું જ એનું જીવન ને આટલો જ એનો ઈતિહાસ છે...."

મારા ભોમિયાએ તેની વાત પૂરી કરી ત્યારે મારી આંખમાંથી અહોભાવના આંસુ સરતા તતા.

★

# કોઇ કોઇનું નથી ✓

લે અધ્યાપક શ્રી કનૈયાલાલ એફ. વલાણી
( ચાણસ્મા )

એક ગામમાં એક ભકત રહેતો હતો. તે ભગવાનનો પરમ ભક્ત હતો. આખો દિવસ ભગવાનની સેવામાં જ રક્ત રહે એને એકનો એક પુત્ર હતો. તે ઘણો જ હોશિયાર, સુશીલ, સુંદર અને ધર્માત્મા હતો. એના આવા સદ્ગુણોને કારણે તે સૌને માનીતો થઈ પડયો હતો. કોણ જાણે નસીબમાં કયારે આપત્તિ આવે તે કોઇનાથી કહી શકાતું નથી તેમ આ બાળક અકસ્માત્ મૃત્યુ પામ્યો. કહેવત છે કે સારા માણસ જલ્દી ચાલ્યા જાય છે. છોકરો મરી જવાથી ઘરના માણસોએ કાળો કકળાટ મચાવી મૂકયો. પરંતુ ભગવાનના પેલા ભકતે તો પ્રસન્ન થઈ ઇશ્વરનો ઉપકાર માન્યો. આ જોઇ લોકોને ભારે આશ્ચર્ય પેદા થયું ને ભક્તનો આ વિચિત્ર વ્યવહાર જોઈ કહેવા લાગ્યાઃ 'અરે પાગલ, તારો એકનો એક પ્રાણથી એ પ્યારો પૂત્ર મરણ પામ્યો છે, ત્યારે તું રડવાના બદલે હસી રહ્યો છે. તું નથી સમજતો કે શું? તને તે વ્હાલો ન હતો કે શું? આવા આવા અનેક પ્રશ્નો તેની સામે ખડા થયા. ભક્ત દરેકને શાંતિથી જવાબ આપતો કે 'માલિકના બગીચા માં ખીલેલા સુંદર પુષ્પને માળી પોતે પોતાના માલિકને અર્પણ કરવા જતાં તે રડે છે કે હસે છે? મારું તો કશું હતું જ નહિ. જે છે તે સઘળું ઇશ્વરનું જ છે. થોડા સમય માટે એણે મને એ વસ્તુ સાચવવા આપી હતી. અને એણે સોંપેલ વસ્તુની સાર-સંભાળ લેવી જોઈએ તેથી મેં પ્રાણથી પણ અધિક પ્રેમથી એનું જતન કર્યું. હવે સમય પૂરો થયો ને ઇશ્વરે એની વસ્તુ પાછી માગી લીધી તેથી મને ઘણો આનંદ થઈ રહ્યો છે. અને એનો પણ ઉપકાર માની રહ્યો છું કે કોણ જાણે કેટલીએ વાર એની આપેલી વસ્તુ ને મેં મારી પોતાની માની લીધી હતી. કેટલીયે વાર મારા મનમાં એઇનામી આવી હતી. એની દેખરેખમાં કોણ જાણે કેટલીયે ભુલો હું કરી બેસતો હતો. પરન્તુ ઇશ્વરે એ ભુલો તરફ જરાયે ધ્યાન ન દેતાં મને કોઇ જાતનો ઠપકો આપ્યો નહિ એટલી એમની મહાન્ કૃપાને કારણે હું પ્રભુનો ઉપકાર માનું એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે? લોકો આ ભકતની પરમ વાણી સાંભળીને તેને ધન્યવાદ દેવા લાગ્યા, વહાલા વાંચકો ! આ સંસારમાં કોઇ કોઈનું નથી સૌ પોતે પોતાનું પુણ્ય લઇને આવે છે અને જાય છે માટે શોક કરવો કે હસવું એ નિરર્થક છે આ વાર્તાનો સાર લઇ સૌ ધર્મારાધનમાં ઉજમાળ બને એ જ અભિલાષા.



# ધન્ય છે એ નિયમની દ્રઢતાને

લે. મુ. શ્રી પ્રભાકરવિજયજી

મધ્યાને સૂર્ય પ્રચંડ તપ્યો હતો, પ્રાણીઓ પાણી પાણીની બૂમો મારી રહ્યા હતા. રેતીના ઢગલા સૂર્યની આતાપના લઈ રહ્યા હતા, ઝાડ પાન સુકાઈ ગયા હતા, ચારે બાજુ લુ વાઈ રહી હતી.

તે સમયે અટવીના ભરતડકામાં એક વાણીયો લાકડાં કાપી રહ્યો હતો. તેનું નામ કાનો કઠિયારો. તેની પાસે ફાટેલો તુટેલો કકડો શરીરના નીચલા ભાગને ઢાંકવા પુરતો જ હતો, શરીરમાંથી પરસેવાના રેલા થોક બંધ ચાલી રહ્યા હતા. ટુંકમાં શરીરની સઘળી શક્તિ નીચોવી તે લાકડાં કાપી રહ્યો હતો.

લાકડાંને કાપી ભારી બાંધી માથે લઇ ઘરે જવા પરિવર્તન કરવા લાગ્યો. ત્યાં તો તેને વિકલ્પ આવ્યો, 'ઘેર જઈશ' સાત પૈસા નહીં આવે તો ? 'ઘરવાળી ખાવા તો નહીં જ આપે, અને ગાળોનો ઘનાઘન વરસાદ વરસાવશે તે નફામાં....

લાવ ત્યારે થોડા લાકડા વધારે બાંધું ? ભગવાનનું નામ દઇ તેણે લાકડાને નીચે ઉતાર્યા. થોડીવારમાં થોડા વધારે લાકડાં બાંધી ધખધખતી ભોમ પર ઘરની ભાગોળ તરફ ડગ ભરવા માંડયો.

ખરેખર કર્મની ગતી કોઈ ન્યારી જ છે. દુનિયામાં સુખ દુઃખના ખેલો કર્મને આધીન છે. પુણ્ય વગરના માણસને દુઃખ રૂપી સૌદામની ઝડીઓ વરસે છે. માટે પુણ્ય ભેગું કરવા માટે દરેક કાર્યમાં ખૂબ જ જતનની આવશ્યકતા માગે છે. દુઃખમાં સમતા રાખવાની જરૂર રહે છે.

કાન કઠિયારાને મનોરમ નિયમ હતો. દરરોજ તે ફકત સાત પૈસા કમાય અને તેમાં એ ત્રણ પૈસાનું ગરીબને દાન, બાકીના ચાર પૈસામાં ગુજરાન ચલાવવાનું. વાહ ? કેવી પરિસ્થિતિ, અને કેવો ત્યાગ ભરપૂર નિયમ....

વાહ રે વાહ....

સંસારના સમરાંગણ વ્યુહની ઘટમાળાને વિખેરવા આવા જ કોઈ દ્રઢ નિયમથી સંસારની પ્રચંડ સેનામાં ભંગાણ પડશે ને અનાદિ કાલીન નાગચુડમાં ફસાયેલો આત્મા મુક્ત થશે.

કાન કઠિયારોને આપણી ગણના તો કરો ? મુડીમાંથી કેટલું દાન ? તો જરૂર આપણને લાગશે ? કયાં કાન કઠિયારાનો દરજ્જો ? કયાં આપણી નિર્માલ્યતા...

કેટલોક કાળ વિત્યા પછી કઠિયારાને વીતરાગની આજ્ઞાનુસાર પાલન કરનાર ક્ષમાના ભંડાર મુનિરાજના સુયોગની પ્રાપ્તિ થઈ. મુનિરાજ ઉઘાડા પગે ભર અરણ્યમાં જ તપશ્ચર્યા કરતા હતા. એટલું જ નહીં. મુનિશ્રી પાપકર્મનાં પીવન અને તપત્યાગનાં તપન

સુંદર કરતા હતા. મુનિશ્રી ખરેખર સંસારરૂપ ઝેરી ભુજંગને હંફાવવા આત્મ રમણતામાં નર્તન કરતા હતા. આવું મધુર દૃશ્ય જોતાં કઠિયારાના મુખારવીંદમાંથી...ધન્ય છે એ મુનિરાજને...કેવું મધુર દૃશ્ય ? એવા ઉદ્‌ગારો વહેવા લાગ્યા, અને આનંદના કલશારોપણ હૃદય મંદિરમાં થવા લાગ્યા.

થોડીવાર પછી મુનિરાજે કઠિયારાને ધર્મ કરણી શું કરો છો એમ પૂછયું.

કઠિયારાએ મુનિરાજને પોતાનો સઘળો વૃતાન્ત કહ્યો. મુનિરાજે સઘળો બ્યાન સાંભળી કઠિયારાને મુનિશ્રીએ આત્મા અને કર્મ સત્તાનો આબાદ ચિતાર કહ્યો.

સાંભળ....કઠિયારા, આત્મા નિર્મળ છે. તેનું સ્વરૂપ અનંત જ્ઞાન-દર્શન ચારિત્રમય છે. તેના પર કર્મ સત્તાએ ભભૂતી-કાલિમાં લગાડી. મેષમેરીજમ કર્યો છે. તેથી આત્માને કર્મસત્તાના અનુગતા કાર્યો દુઃખના તારણહાર લાગે છે. કિન્તુ કર્મસત્તાના પાશમાં આત્મા ગ્રસ્ત બને છે. એટલું જ નહીં. તેમાં જ રાચે છે. ફુલે છે, અને શ્રેષ્ઠતા માને છે. આજ રીતે જીવ સંસાર જાળ પોતે ઊભી કરે છે. પછી દુઃખ રૂપી શિયાળના ટોળામાં એઠેલો કેશરી રૂપી આત્મા કલ્પાંત કરે છે.... કેવો પ્રસંગ !

—-સાચા સ્વરૂપને મેળવવા માટે પ્રભુ વીતરાગનું શાસન મહાનિધિ છે, તે લેવામાં—હે કઠિયારા પ્રમાદ કરીશ નહીં, કેમકે મનુષ્ય જીવન ક્ષણભંગુર છે. પાણીનો પરપોટો જેમ ક્ષણમાં નાશ થઈ જાય છે, જેમ ઉંદરને બિલાડી કયારે ઉપાડે તે ખબર પડતી નથી તેમ આ જીવને કાળરાજા કયારે ઉપાડે છે. તે ખબર પડતી નથી. માટે કઠિયારા પ્રમાદ વગર ધર્મને આરાધન કર ! તેથી તારા આત્માને શાન્તવન મલશે.

કઠિયારા. દુઃખ એ તો સ્વકર્મને આધીન છે. માટે કર્મ સત્તાના દુઃખો સમતા પૂર્વક સહન કરો. આવતા કર્મને અટકાવા માટે દરેક કાર્યમાં ખૂબ જતન કરો. વીતરાગની આજ્ઞાનુસાર કાનુનને સીવીલકોડ (કાયદેસર) અપનાવો. સંયમના સંગીન પાલન કરો. કરેલા પાપોનો પશ્ચાતાપ કરો. પછી તો જજમેન્ટમાં આત્મ-સ્વરૂપની ઘંટડી રણકી ઊઠશે. એટલે મોક્ષ મલશે. મોક્ષમાં તો કઠિયારા મજા જ મજા. ત્યાં નથી માથાના દુઃખાવા કે ત્યાં નથી કબજિયાતની બૂમો કેમકે ત્યાં શરીરની જ લોથ પોથ નથીને ! ત્યારે ત્યાં છે શું ?

શું ? શું ? ત્યાં તો છે કેવળજ્ઞાનના મઘમઘતા ભોજનો અને અનંતકાળની શાંતિ.

કઠિયારા....ગુજરાન તો એવું કરો કે પાપ ઓછું લાગે અને ગુજરાન ચાલે.

આજ રીતે કર્મ અને આત્માનો આબાદ ચિતાર સાંભળી કઠિયારાએ લીલા લાકડા નહિ કાપવાનો નિયમ લીધો. કઠિયારાએ નિયમને સંકટ વેઠી હિંમત પૂર્વક પાળવા માટે મનોરથ કર્યો.

હવે કઠિયારો સુકા લાકડા ગોતી ગોતી ભેગા કરી વેચતો, તેથી તેને જંગલમાં ઠામ ઠામ રખડપટ્ટી કરવી પડતી હતી. આથી કઠિયારાને અપાર પરિશ્રમ થઈ જતો. તેની અડગતા એવી ધર્માદામાં પૈસા આપવાનું ચાલું અને સુકા લાકડાં વેચી ગુજરાન ચલાવાનું ચાલુ ખરેખર કઠિયારાને તો કરવી છે મોક્ષની દિગયાત્રા.......

લોભ સર્પના પારામાં પડેલા આપણને શાલિભદ્ર, જગડુશાહ, કુમારપાળ, વસ્તુપાળ,

તેજપાળ કઠિયારાના જીવન પ્રસંગે કાન ખખડાવીને કહે છે.... જાગો...જાગો ઉઠો; ઉઠો ? સાત ક્ષેત્રમાં દાન દો. સીદાતા સાધર્મિકોની ભક્તિ કરો !

હવે તો સ્વર્ગમાં કઠિયારાની માનવતાની ફોરમ ઉડી. કાન કઠિયારાની આ કંઠે પ્રશંસા થવા લાગી. ઇંદ્રના મુખે પણ કઠિયારાના ગુણ ગણના ગીતો ગવાયા. તેથી એક દેવને અદેખાઈ આવી અને તેથી તેને સ્વર્ગ લોકથી માનવ લોકમાં કઠિયારાની પરીક્ષા કરવા પ્રયાણ કર્યું.

દેવે કઠિયારાને ઉપસર્ગની હારમાળા ખડી કરી. સર્વે લીલા લાકડા બનાવ્યા. ત્રણ દિવસ સુધી એક પણ સુકુ લાકડુ જંગલમાં મળવું દુર્લભ બન્યું. કઠિયારાને અઠ્ઠમનો તપ થયો છતાં પણ કઠિયારાને પરમ શાંતિ.

કઠિયારાને ત્રણ ત્રણ દિવસના ઉપવાસ થવા છતાં કઠિયારાજી નિયમમાંથી રજમાત્ર પણ ખસ્યા નહીં, ડગ્યા નહીં, વિસર્યા નહીં કેવા અમૃત ઘુંટ ! વાહ કઠિયારા વાહ.... તારા પુરુષાર્થ અને તારા આત્મરૂપ લાવણ્યને ! ભલે કર્મવશ અત્યાર સુધી દુઃખ ભોગવ્યાં. પણ હવે તો તારો આગામી કાળ સુખ માટે નૃત્ય કરી રહ્યો છે. તું થોડા વખતમાં અનાદિ કાલીન નાગચુડમાં ફસાયેલો જન્મ મરણમાંથી મુક્ત થઈશ.

દેવ કઠિયારાના પુરુષાર્થને જોઈને ખૂબજ આનંદમાં... ગરકાવ બન્યો. તેના મુખારવિંદમાંથી માંગ ! માંગ ! તારે શું જોઈએ તેવા ઉદ્ગારો ખરી પડયા.

છતાં કઠિયારો કહે છે મારો નિયમ તૂટે નહીં એ જ મારી આશા છે.

કઠિયારાની માગણી સાંભળી દેવ આનંદ કલ્લોલના ઉંડા વિમાસણમાં પડયા. અને કઠિયારાને અપૂર્વ રિદ્ધિ આપી સ્વર્ગભોમ પર પરાવર્તન કર્યું.

કઠિયારાની બાજી બદલાઈ એટલે હવે તો ઘરે ઘરવાળી હાવભાવ કરવા લાગી. હું તમારી ધરણી છું. તમે તો મારા વ્હાલસોયા છો ! સ્વામિનાથ શું છે હુકમ ? એવા કલકલ વચનોથી કુંજન કરવા લાગી.

કઠિયારો મનમાં વિચાર કરે છે. આ સ્ત્રી કોઈ દિવસ મારો પગ ધુએ નહીં. તે આજે મારો પગ ધુએ છે ! આ સ્ત્રી કોઈ દિવસ સ્વામીનાથ કહેતી નથી તે આજે મધુર વચનો બોલે છે, એક વખત આ સ્ત્રી ગાળોની ઝડી વરસાવતી હતી. અરે ! આ સુરતીઓ મારા બાપે મારા માટે કયાં શોધ્યો ! તે આજે ધનભાગ્ય માને છે ધિક્કાર છે આ સંસારના સ્વાર્થને !

ખરેખર કહેવત સાચી જ છે કે.... 'સુખ વેળા સજ્જન ઘણા દુઃખ વેળા હો વિરલા સંસાર'

કઠિયારાએ અડધી મુડી ધર્મમાં વાપરી અને વિચાર્યું કે આટલો નિયમ પાળવામાં આટલી રિદ્ધિ તો સંયમ પાળવામાં મોક્ષ કેમ ન મળે ! તેમ વિચારી કઠિયારાએ સંયમ માર્ગે પ્રયાણ કરી આત્માનું કલ્યાણ કર્યું.

★

# વચન

લે: શૈલેશકુમાર છોટાલાલ શાહ.

(બ્રાહ્મણ ધર્મની જ પ્રધાનતાવાળા દેવગિરિનગરમાં મુશ્કેલી ભર્યું હોવા છતાં કુનેહથી જિનપ્રાસાદ બાંધવાની સંમતિ મેળવનાર પેથડશાહનું કથાનક:-નાનીપણ દૃષ્ટાન્ત કથા જીવનનું ધ્યેય પુરું પાડી જાય છે-તંત્રીઓ)

માળવા નામના પ્રદેશમાં નર્મદાનદી પોતાના જળપ્રવાહ સાથે પ્રયાણ કરે છે. તેના ડાબા અને જમણા કિનારા પર માંધાતાપુર અને ઓંકારનગર આવેલા છે. આવા ઉત્તમ સ્થાનમાં શ્રેષ્ઠી પોથડશાહે એક ભોજનશાળા તેમજ દાનશાળા શરૂ કરાવી છે. પરંતુ તેના સંચાલક તરીકે, દક્ષિણમાં આવેલી યાદવરાજ્યની રાજધાની દેવગિરિના પ્રધાન હેમાદ્રિપંતનું નામ અમ રાખ્યું છે. કારણ કે પોતાનો મનોરથ સિદ્ધ કરવા માટે-પ્રથમ તો તેના પ્રધાનના સદ્ભાવની ખાસ આવશ્યકતા હતી. આ રીતે તે પ્રધાનનું નામ અમ રાખવાથી જરૂર તેનો સદ્ભાવ પોતાની તરફ આકર્ષાશે. એવો તેનો ખ્યાલ હતો.

મંત્રી પોથડશાહે મુસાફરોને આનંદ અર્પનાર એવું વિશાળ સત્રાલયની ઓંકાર નગરમાં સ્થાપના કરી. તત્ર સજ્જન આત્માઓને શુદ્ધ તેમજ સુગંધીત જળથી સ્નાન કરાવાતાં હતાં.

સામાન્ય માણસોના પગના પ્રક્ષાલ માટે જળ તૈયાર રખાતાં હતાં. આ સત્રાલયની સમીપના જિનાલયમાં શ્રી અર્હન્તભગવંતોને નમસ્કાર કરાવી. સાધર્મિક બંધુઓને વિનય-ભોજન કરાવાતાં હતાં.

પંચપકવાનો અખંડિત અને ઉજ્જવલિત એવા અક્ષત, પીળી પૌષ્ટિક દાળ. ચોકખુ તેમજ તાજું ઘૃત અનેક શાકો, સ્નિગ્ધ દહીં સુગંધીત પાણી વિગેરે આરોગાવાતાં હતાં.

પછી નિદ્રાદેવીને આધીન થવા માટે પલંગો અપાતા હતા.

આ જાતની તમામ સત્રાલયની સગવડો જોઈને પોતાની ગૃહિણીઓનું તેમજ માતાઓનું વિસ્મરણ થતું.

સત્રાલય કોના તરફથી ચાલે છે એવો કોઈ પ્રશ્ન કરતું ત્યારે તેમને દેવગિરિના વિદ્વાન પંડિત હેમાદ્રિપંતનું નામ કહેવામાં આવતું આ રીતે મંત્રી પેથડશાહે સતત ત્રણ વરસ સુધી સત્રાલય અતૂટ રીતે ચલાવ્યું ત્યારે ભોજન વગેરે સુસગવડોથી પ્રસન્ન થયેલા ભાટ. વિગેરે સ્તુતિ પાઠકો એહેમાદ્રિને અનેક સ્તુતિ વચનોથી શણગારવા માંડયા. આવી રીતે અસત્ય પ્રશંસાવાળા વચનો વારંવાર સાંભળવાથી હેમાદ્રિના મનમાં વિચાર પ્રવાહો વહેવા લાગ્યા " મેં આજીવન પર્યંત યાચકોને ફુટી કોડી પણ આપી નથી તો આ લોકો સત્ર-સત્ર એવું શું કહી રહ્યા છે? અરે, તે પણ એક જણ નહિ પણ અનેક જણ કહે છે તો પછી મારે આ કથનમાં કયા રહસ્યનો સમાવેશ થયેલો છે તે જાણવું જોઈએ.

આથી હેમાદ્રિએ પોતાના એક ગુપ્તચરને

તપાસ અર્થે ઓંકારપુર મોકલ્યો તે ગુપ્તચરે તપાસ કર્યા બાદ કહ્યું કેઃ આવાત્ તદ્દન સત્ય છે. તત્ર સર્વ યાત્રીઓ સંતોષ પામીને જાય છે. અને પ્રશંસાવાળા વચનોથી તમને શણગારવામાં પાછા પડતા નથી. આટલા વખત સુધીમાં તે સત્રાલય ચલાવવા પાછળ સવા કરોડ દ્રમ્મનો ખર્ચ થયો છે.—આટલી વાત જાણ્યા છતાં પણ પોતાનું રહસ્ય ન ઉકેલાયું હોવાથી જાતે સત્ય હકીકતની તપાસ કરવા અર્થે પોતે ઓંકારપુરમાં આવ્યા. ભોજનશાળાના અધિકારીઓ મારફત એમને જાણવા મળ્યું કે આ સત્રાલય ચલાવનાર દેવગિરિના શ્રેષ્ઠિ પેથડશાહ હતા. શ્રેષ્ઠિ હાલ માલવામાં મંત્રીપદે હતા.

પોતાના દ્રવ્યવડે અન્યને (બીજાને) ખ્યાતિ અર્પણ કરનાર એવા મંત્રી શ્રી પેથડશાહને એ મળ્યા. ન કલ્પેલું, ન જાણેલું, ન ચિન્તવેલું ન મનન કરેલું એવું ખ્યાતિ અર્પણ કરનારૂં કાર્ય કરવામાં તેનો શો ઉદ્દેશ હતો તે પેથડને તેમણે પૂછ્યું. અને પોતે તેનું શું હિતકારક કરે તે જાણવા મળ્યું. ત્યાર બાદ પેથડશાહે પોતે જે માગે તે આપવાનું વચન તેમની પાસે લીધું. અને પોતે સત્ય હકીકત કહી કે 'દેવપુરની મધ્યમાં જિનાલયને યોગ્ય એવી વિશાળ ભૂમિ મને અપાવો' હેમાદ્રિએ આ માગણીને કબુલ રાખી. અને યોગ્ય તક મળતાં તે કામ સાધી આપવાનું પુનઃ વચન આપ્યું.

હવે આ બાજુ એવું બન્યું કે દેવગિરિના રાજાને ત્યાં ઘોડાનો સોદાગર આવ્યો. તેની પાસેથી જાતિવંત ઘોડા પસંદ કરવાનું મંત્રી હેમાદ્રિને સોંપ્યું. હેમાદ્રિએ પસંદ કરી આપેલા ઘોડાએ એક વખત રાજાનો જીવ બચાવ્યો. ત્યારે તેના ઉત્તમપણાની રાજાને વિશેષ ખાત્રી થઈ રાજાએ હેમાદ્રિને વચન (અભીષ્ટ) માંગવાનું કહ્યું.

આ પ્રમાણે આપોઆપ મંત્રીને તક મળતા રાજા સમક્ષ પેથડશાહવાળી માગણી રજુ કરી અને કહ્યું કે; મારો એક મિત્ર માળવાના જયસિંહ રાજાનો મંત્રી છે. તેને આપણી રાજધાનીમાં જિનપ્રસાદ બંધાવવો છે. તે માટે તેને અનુકુળ જગ્યા જોઇએ છે. રાજાએ તે માગણી મંજુર રાખી ત્યારબાદ પેથડશાહને દેવગિરિ બોલાવવામાં આવ્યા. રાજાને યોગ્ય એવી ભેટથી યાદવરાજને પેથડશાહે પ્રસન્ન કર્યા અને એ રીતે અઢળક દ્રવ્ય ખરચીને જિનમંદિર બંધાવવાનું પુણ્ય ઉપાર્જન કર્યું.

ધન્ય છે એ ધર્મપ્રેમી વીરરત્ન પેથડશાહને ?

*


મદ્રાસ મીલના કાપડમાંથી
બનાવેલા પોશાકો
RELIEF DRESSES
બુશ કોટ, * બાબાશુટ * ચેઇનશર્ટ
પાટલુન * ફરાક પાયજામા * ચડ્ડીઓ
સ્વેટર * છત્રીઓ * ટેનીસ * મફલર
ટોપીઓ
વસંત સ્ટોર્સ
માણસાવાળા
રતનપોળ, અમદાવાદ.
દર બુધવારે દુકાન બંધ રહેશે.

# જ્ઞાન અને ક્રિયા

લે. શ્રી. મણીલાલ હાકેમચંદ ઉદાણી
M. A. LL. B. Advocate રાજકોટ

આજ કાલ ઘણે ઠેકાણે આ બાબતની ચર્ચા થઈ રહેલ છે. કેટલાક એમ માને છે કે જ્ઞાન થઈ ગયું અને આત્માને શરીરથી જુદો જાણ્યો પછી કાંઈ ક્રિયાની જરૂર નથી. કેટલાક એમ માને છે કે ક્રિયા એજ ધર્મ છે. અને તેમાંથી આત્માનું જ્ઞાન થાય છે. આવી માન્યતાથી કેટલાક સાધુ અને શ્રાવકો આત્મા શું છે તેનું જ્ઞાન થયા પછી ક્રિયામાં માનતા જ નથી. અને મનસ્વી રીતે વર્તે છે. જ્યારે કેટલાક સાધુઓ અને શ્રાવકો ક્રિયા માંજ જીવન ગુજારે છે અને તેમને આત્માનું ખરૂં જ્ઞાન થતું જ નથી.

જૈન શાસ્ત્રોમાં ચોક્ખું લખ્યું છે કે સમ્યગ્-જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્ર એ ત્રણેય મોક્ષ માર્ગના કારણ છે. જેથી જેને ભવસાગર તરી જવું હોય અને મોક્ષનો માર્ગ ખુલ્લો કરવો હોય તેને માટે ત્રણેય તત્ત્વોની જરૂર છે. પ્રથમ સમ્યગ્ દર્શન થવું જોઈએ. એટલે ચૈતન્ય અને જડનો ભેદ જાણી લેવો જોઈએ. તેને ભેદવિજ્ઞાન કહે છે. આત્મા અનાદિ અનંત છે. અને શરીર નાશવંત છે. ~~તેને~~ જીવ અને અજીવતત્ત્વ કહેવામાં આવે છે. જીવ તે ચૈતન્ય છે અને શરીર તે જડ છે. બંનેનો સંયોગ અનાદિ કાળથી થયો છે અને પોતપોતાના કર્મ પ્રમાણે તેનો સંયોગ અજીવની સાથે થયા કરે છે. અને તેથી જ સંસારનો અંત આવતો નથી. અને જન્મ મરણના ફેરા કરવા પડે છે. અને અનેકવાર આ આત્મા સ્વર્ગમાં ગયો, સુખ ભોગવ્યું, મનુષ્ય થયો અને સુખદુઃખનો અનુભવ લીધો અને તીર્યંચ અને નારકી જીવોએ ઘણા દુઃખો ભોગવ્યા. પરંતુ ખરો ધર્મ સમજ્યો નહિ. અને મોહનીય અને વેદનીય કર્મબાંધી છુટી શકયો નહિ તેથી જ તેને રખડવું પડયું. પણ ખરૂં તત્ત્વ સમજ્યો નહિ. તેમજ અનંતાકાળથી સહન કરવું પડયું. માટે પ્રથમ તો સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરવું જોઈએ. આત્માના બે ભાવ છે, સ્વભાવભાવ અને વિભાવભાવ. માટે પોતે શરીરથી જુદો જ છે એવી દ્રઢ શ્રદ્ધા કર્યા પછી તેને સ્વભાવભાવમાં રહેવાનો હંમેશા પ્રયાસ કરવો જોઈએ.

આવી રીતે સમ્યગ્દર્શન થયા પછી આવા જ્ઞાનના ઉત્તમ પુસ્તકો અને શાસ્ત્રો વાંચવા જોઈએ. અને તે વાંચ્યા બાદ તેનું મનન કર્યા પછી તે જ્ઞાનનો કેટલો ઉપયોગ થયો અને કઈ સ્થિતીએ આત્મા પહોંચ્યો છે તેનું આત્મ નીરીક્ષણ કરવું જોઈએ. ત્યારે જ તેને આત્મજ્ઞાનનું ખરૂં ભાન થશે.

આમ થયા પછી સંમ્યગ્ ચારિત્રનો સવાલ ઉભો થાય છે. કારકે આત્માને મુકત થવાનો ખરો આધાર ચારિત્ર ઉપર જ છે. જ્યાં ચારિત્ર નથી ત્યાં જ્ઞાન જ નથી ચારિત્રમાં નીતિ ત્યાગ અને વૈરાગ્યનો સમાવેશ થાય છે. નીતિ તે ધર્મનો પાયો છે. જ્યાં પાયો જ નથી રહ્યો ત્યાં આત્માને ઉંચી સ્થિતીમાં ચડવું અગર મુકત થવું તે સંભવીત જ નથી. નીતિનો પાયો મજબુત થયા પછી ત્યાગ અને વૈરાગ્ય કેટલે દરજ્જે આત્માના ભાવથી થાય છે. તેનો

ખ્યાલ કરવાનો છે. અને ત્યાગમાં ક્રિયાનો સમાવેશ થાય છે. દરેક ક્રિયા મોહનીય કર્મનો ક્ષય કરવા માટે છે. અને આત્મજ્ઞાન થયા પછી બધી ક્રિયા અંદરથી ઉત્પન્ન થાય છે. પછી સંસાર ઉપરથી મોહ છુટી જાય છે. અને સ્હેજે ક્રિયા અને તપની ભાવના થાય છે. આવી ક્રિયાના પણ બે પ્રકાર હોય છે. એક ક્રિયાથી પુણ્ય બંધાય છે અને અંદરની ભાવનાથી થતી ક્રિયાથી આગલા કર્મની નિર્જરા થાય છે અને મોક્ષનું ગોત્ર બંધાય છે. અને તેથી જ આપણે જોઇ એ છીએ કે આ દેશમાં ઘણા મહાન પુરૂષો થઈ ગયા. જેમણે અનેક કાર્યો કર્યા છતાં તેમને કર્મનું બંધન થયું નહિ. અને પોતે મોક્ષનો માર્ગ સફળ કર્યો અને બીજા માટે તરવાનો ઉપાય શાસ્ત્રોથી બતાવતા ગયા. આનું નામ ખરો જૈન ધર્મ. જૈન ધર્મનો ખરો જ્ઞાન, આધાર શુદ્ધ ભાવના ઉપર છે અને દર્શન અને ચારિત્રથી આવી ભાવના શુદ્ધ થયા જ કરે છે.

ધન્ય છે આવા જૈન મુનિઓને કે જેમણે જ્ઞાન અને ક્રિયા તેના ખરા સ્વરૂપમાં સમજી ત્યાગઅને વૈરાગ્યથી પોતાના આત્માનું કલ્યાણ કર્યું અને જીવનની યાત્રા સફળ કરી. ક્રિયા વિનાનું જ્ઞાન નકામું છે અને જ્ઞાન વિનાની ક્રિયા નકામી છે. બન્નેનું રહસ્ય સમજીને કરાય તો જ જીવન સફળ થશે.

## વિશ્વવંદ્યદિવ્યજ્યોતિર્ધર

આવો મહાન આત્મા **આચાર્ય ભગવંત જ્ઞાનયોગી એને કર્મયોગી શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ. સા નો** હતો. જેણે પોતાનું નામ અમર કર્યું. જીવન સફળ કર્યું અને ભવ બંધન તોડીને અલ્પાવતારી બન્યા, તેમના ચારિત્રમાંથી દરેક માણસને ઘણું જાણવાનું અને શીખવાનું મળશે. તેઓ આત્મજ્ઞાનમાં મસ્ત હતા. તેમ તેમના અનેક પુસ્તકોમાંથી એકેક લીટીમાંથી પ્રત્યક્ષ થાય છે. તેઓ ચારિત્રમાં મસ્ત હતા. તેમ તેમના સમસ્ત જીવનમાંથી આપણે જોઈ શકીએ છીએ. શ્રુત-શારદા માતાની તેમના ઉપર કૃપા હતી. તે પણ આપણે જોઈ શકીએ છીએ. અખંડ બ્રહ્મચારી, મહાન ત્યાગી. અને કર્મયોગનો સિદ્ધાંત તેમણે સાબીત કર્યો છે. તેમણે મોહનીય કર્મનો સામનો કર્યો હતો. આખા જીવનમાં કોઈ વાસના ન હતી. મહાન કીર્તિની પણ અપેક્ષા ન હતી. અને આદર્શ જીવન વિતાવ્યું અને ઉંચામાં ઉંચા સાહિત્યના અનેક પુસ્તકો લખી ને મુકતા ગયા. અનેક ભક્તિના કાવ્યો અને ભજનો રચ્યા, જે બધામાં શુદ્ધ જ્ઞાન નીતરે છે. દાખલા દ્દષ્ટાંતોથી તેમણે દરેકને પોતાનું કર્તવ્ય સમજાવ્યું. અને કર્મયોગના **અમરે મહાન** ગ્રંથમાં નિષ્કામ કર્મ તે શું અને સંસારમાં પણ નવા કર્મ બાંધ્યા સિવાય સુખ ભોગવી શકાય અને ત્યારબાદ પણ અનંતુ સુખ મળે તેનો માર્ગ બતાવ્યો. તેમણે જ્ઞાન, કર્મ અને ભક્તિ ત્રિવેણીનું ખરેખરૂં સ્વરૂપ તેમના પુસ્તકોમાં બતાવ્યું છે. અને તેથી સાબિત થાય છે કે જ્ઞાન અને ક્રિયા બન્નેની જરૂર છે. અને બન્નેનો ઉપયોગ કેવી રીતે કરવો તેનો માર્ગ સરળ કર્યો છે.

તેમની ભવિષ્યવાણી ઘણે અંશે સત્ય પડી છે અને હજી સત્ય પડશે તથા એક દિવસ જૈન ધર્મ દુનિયાનો ધર્મ થશે અને સમસ્ત આર્ય દેશમાં અહિંસા નો વિજય ધ્વજ ફરકી રહેવા સાથે સર્વત્રસુખશાન્તિ બની રહેશે. તેમ આશા રાખવામાં આવે છે.

*



# માતૃ હૃદય

લે : શ્રી. બાબુલાલ મ. શાહ

'બેટા, ભરત, છે કાંઈ મારા ઋષભના ખબર ?' માતા મરુદેવીએ પૌત્ર ભરતને પુત્ર ઋષભના ખબર પુછ્યા.

'દાદીમા, હમણાં તો કાંઇ ખબર નથી' પૌત્ર ભરત વિનયથી બોલ્યા.

''બેટા ભરત, હું ઋષભની માતા છું. માતૃ હૃદયને તું શું પીછાણે? પૃથ્વીનો સ્વામી, રાજભવનનો નિવાસી, સુખ વૈભવનો ભોગવનાર મારો ઋષભ બધું છોડીને ત્યાગી બનીને વનવગડાની વાટે ચાલી નીકળ્યો ત્યારથી બધું અકારૂ લાગે છે. દિશાઓ શૂન્ય ભાસે છે. હૃદય હાથ નથી રહેતું. ખાવું પીવું નથી ભાવતું. મારા રતન, મારા બાલુડાના વિરહમાં દિનરાત આંસુડાં પાડી આંખોનાં તેજ ઓલવાણાં છે. શરીરના તેજ ઝંખવાણાં છે મારા ઋષભ વગર દિલમાં અંધારૂં છવાઈ ગયું છે, અંતરમાંથી ઋષભના નામના પડઘા ઉઠે છે. ક્યાં છે મારો એ ઋષભ! રાજવૈભવનો ભોગવનાર મારો ઋષભ અત્યારે ક્યાં હશે? શું કરતો હશે? શું ખાતો હશે? શું પીતો હશે? છે કાંઈ એની તને ચિંતા? શિયાળાની કડકડતી ઠંડી મારો ઋષભ સહેતો હશે. વનવગડાનાં સૂસવાતા પવનનો મારો ખમતો હશે. બળબળતા ઉનાળાની ઉની ઉની લૂ સહેતો હશે. ધગધગતી જમીન ઉપર અડવાણે પગે ચાલતો હશે. ઉઘાડા માથે અંગાર તાપ સહન કરતો હશે. ચોમાસાના મૂશળધાર વરસાદમાં આસરા વગર રહેતો હશે. અને વનવગડાનાં જીવન પણ કેવાં! મારો ઋષભ દિ' ને રાત શી રીતે કાઢતો હશે? ઋષભને સંભારૂં છું ને રડવું આવી જાય છે. બેટા તું વહેલી વહેલી મારા ઋષભની ખબર કઢાવ, મારા ઋષભના સારા સમાચારથી મારા હૈયાને ઠાર.

'દાદીમા, પિતાજી નજીકમાં હતા ત્યાં સુધી તેમના ખબર અંતર મળી શકતા અને તમને હું સમાચાર આપતો, પણ પિતાજી એક સ્થાને સ્થિર નથી રહેતા, આજે અહીં તો કાલે કહીં. હમણાં તો એ ઘણા જ દૂરના પ્રદેશમાં વિચરે છે. તપ તપે છે, ધ્યાનમાં રહે છે, એ તો નિઃસ્નેહી નિસ્પૃહી મહાત્મા પુરુષ છે; એમને કોઇ મારૂં તારૂં નથી. સમસ્ત જગત્ એમને મન કુટુંબ છે, પરિવાર છે, એ કારુણ્યભર પિતાની તો હું શું વાત કરું! આપના એ મહાન્ પુત્ર રત્ને આપની કૂખ અજવાળી છે, ઇક્ષ્વાકુ વંશ અજવાળ્યો છે, એવા મહાન્ પિતાનો પુત્ર હું મને ભાગ્યવાન્ લેખું છું.'

'બેટા, મહાન્ પિતાનો ભાગ્યવાન્ પુત્ર, તેમાં પિતાની ખબર અંતર નથી લેતો? તને ક્યાં રાજકાજમાંથી નવરાશ મળે છે?

મોટા રાજ્યનો ભાઈ તું અત્યારે માલિક, પછી વનવગડે વસતા પિતાની ખબર અંતર લેવાની તને ક્યાંથી ફુરસદ હોય ? ભાઈ અત્યારે તો તું મોટો માણસ. મનગમતાં ખાવાં પીવાં મનગમતાં પહેરવાં ઓઢવાં, મનગમતાં હરવાં ફરવાં, જી હજૂર અને ખમા ખમા કરનાર સેવકોનો કોઈ પાર નહિં પછી વનવગડે વસતા પિતા ક્યાંથી યાદ આવે ?'

'દાદીમા, આવું બોલશો ? ભરતને તમે છેક આવો ગણો છો ? હૃદય જો ખોલીને બતાવાતું હોય તો આપને બતાવું કે ભરતના હૃદયમાં પિતાનું સ્થાન કેટલું ઉંચુ મહાન્ અને ભવ્ય છે ! દાદીમા, હું પુરુષ છું. વાતે વાતે રડી શકતો નથી. પણ લાગણીઓનો બોધ તો હું જરૂર ધરાવું છું અને લાગણીઓ મારી જરૂર ભીની થઇ જાય છે. મને પિતાજી ઘણી વખત યાદ આવી જાય છે. અને અંતરથી હું એમને નમન કરી જાઉં છું. દાદીમા, ઋષભ તમારા પુત્ર છે. તેમ મારા પિતા છે માતાના હૃદયમાં એ પુત્ર તરીકે બીરાજે છે, પુત્રના હૃદયમાં એ પિતા તરીકે બિરાજે છે. માતાના પુત્ર તરફના સ્નેહાર્દ્ર ભાવ પુત્રની ખબર અંતર લેવા તલસે છે તેમ પુત્રનો પિતા તરફનો પૂજ્યભાવ પિતાની ખબર અંતર લેવા કેમ ન તલસે ? આપ માતા છો હું પુત્ર છું. માતા એ માતા છે. પુત્ર એ પુત્ર છે. લાગણીઓની ભીનાશમાં આપની તો હું શી બરાબરી કરી શકું ? આપનું માતા તરીકેનું સ્થાન અવિચળ વાત્સલ્યમૂર્તિનું છે. રોમ રોમ લાગણીઓની ભીનાશનું છે. સ્નેહભરી મમતાનું છે અને મારૂં સ્થાન પૂજ્યભાવની અહોભાવનામાં સમર્પિત થઈ જવાનું છે. આપ માતા છો. હું પુત્ર છું માતાના સ્નેહાર્દ્રભાવથી આપ ભાવિત છો. હું પૂજ્યભાવનાની અહોભાવનાથી ભાવિત છું.

'બેટા, બેટા. હવે વધું ન બોલીશ. હું રડી પડીશ. તારી લાગણી મેં જાણી, તું ભરત તે ભરત છે. મહાન્ પિતાનો મહાન્ પુત્ર છે. બેટા, હવે વધું નથી કહેતી. ઋષભના ખબર અંતર મંગાવતો રહેજે.

૨

'દાદીમા, વધામણી.'

'શેની બેટા !'

'કૈવલ્યજ્ઞાનથી ભૂષિત ત્રૈલોક્યનાથ ભગવાન્ ઋષભદેવ પધાર્યા છે. વનપાલ વધામણી લાવ્યો છે. ચાલો દર્શને જઈ એ.'

'બેટા, ઋષભ પધાર્યો છે ? આજ મારે આનંદનો દહાડો આજ મારે અમીનાં મેહ વરસ્યાં. ધન્ય દિવસ ધન્ય ઘડી. પુત્રને માટે ઝુરતી માતાને ઋષભે યાદ કરી તો ખરી માતાના દિલનો અવાજ ઋષભે સાંભળ્યો તો ખરો' માતા ગદ્ ગદ્ બની ગયા. આનંદવિભોર બની ગયા.

માતા હાથીની અંબાડી પર બેસી પુત્રના દર્શને ચાલ્યા.

'બેટા આ અવાજ શેનો આવે છે !

'દાદીમા, એ દેવદુંદુભિનો અવાજ છે. વીણા વાંસળી વાજીંત્રોનો અવાજ છે. ચોસઠ દેવેન્દ્રો અને દેવગણો આપના પુત્રની સેવામાં ખડે પગે ઉભા છે. દેવાંગનાઓ એ ત્રિભુવનનાથને પ્રદક્ષિણા દઈ રહી છે. લળી લળી ભામણાં લઇ રહી છે અને દાદીમા, આ

# ફુલનું ગીત

મૂ. લે. ખલિલ જિબ્રાન. અનુ. શ્રી ધૂમકેતુ

કુદરતને પોતાને એકાદ સુંદર પ્રેમનો શબ્દ બોલી નાખવાનું મન થઈ આવ્યું, અને તે તેણે બોલી નાંખ્યો. તેનું ફુલ બની ગયું. તે હું. મારો જન્મ આવી રીતે થયો. હું કુદરતે પોતે બોલેલો જાણે પ્રેમનો એક શબ્દ છું.

ધરતીની હરિયાળી ભૂમિ ઉપર આસ્માનમાંથી આવેલો હુ. એક તારો છું

હું કુદરતનાં મૂળતત્ત્વોની પુત્રી છું મને ધારણ કરે છે. શિશિર. જન્મ આપે છે, વસંત ઝુલાવે છે. ગ્રીષ્મ અને સુવરાવે છે, પાનખર.

પ્રભાતના સમયે, પ્રકાશકિરણોની આવતી સવારીને પ્રગટ કરવા માટે હું અનિલલહરીનો સાથ કરું છું અને એ જ પ્રમાણે સંધ્યાને 'આવજો' કહેવા માટે હું પંખીઓના ગાનમાં મારા મૂક ગાનનો સ્વર પુરાવું છુ. પ્રભાતને સંધ્યાને, આકાશને, ધરતીને, પવનને, ઋતુઓને, રંગોને, બધાને હું પ્રેમવાત કહું છું અને એ બધાં પ્રેમવાત સાંભળે છે. એમની પ્રેમવાત મને કહે છે.

મારા વિવિધ સુંદર રંગો વડે, હું હરિયાળાં મેદાનોને શણગારું છું. તો હવાને મારી સુગંધનો છંટકાવ આપુ છું. હું નિદ્રામાં

---

દેવદુંદુભિ શું કહે છે એ જાણો છો ? એ કહે છે હે ભવ્ય લોકો ! પ્રમાદ છોડીને મોક્ષનગરીના સાર્થવાહ આ લોકોત્તર નાથને ભજો, અતિશય અને પ્રાતિહાર્યથી શોભતા લોકોત્તર ઐશ્વર્ય અને સૌભાગ્યસંપન્ન આપના પુત્રની આગળ દેવરાજો મસ્તક ઢાળી રહ્યા છે આપના પુત્રનો જય જયકાર બોલાવી રહ્યા છે આપના પુત્રનો દરબાર તો જુઓ ! એની ઠકુરાઈ તો જુઓ ! ત્રણ ભુવનમાં એની તોલે કોઈ ન આવી શકે.'

વાહ મારા લાલ ! વાહ મારા ઋષભ ! તારી ઠકુરાઈ તારો મહિમાઅપરંપાર છે. મને હર્ષના આંસુ આવે છે. બેટા, તું તો મહાન્ ! ત્રૈલોક્યનાથ ! લોકોત્તર પુરુષ ! પુત્ર ! પુત્ર ! માતા તારા ભામણાં લે છે. પોતાને ધન્ય માને છે.

માતાના હૃદયમાં આનંદનો મહાસાગર ઉલ્લસ્યો. પુત્રની અપૂર્વ રિદ્ધિ સિદ્ધિ અને ઠકુરાઇથી આનંદ હીલોળે હીંચકી રહેલા માતા પુત્ર દર્શનની ભાવનાના હેલે ચડયા.

અને અને ! પુત્રદર્શનના પ્યાસી માત ના હાથીની અંબાડી પર આંતર્ચક્ષુ ખૂલી ગયા. માતા કૈવલ્યજ્ઞાનથી પ્રકાશી રહ્યા અને પુત્રની ભાવી પત્ની મુક્તિ રમણીને જોવા ઝટ પટ શિવપુરની વાટે સંચર્યા.

વાત્સલ્યમૂર્તિ માતાનો જય જયકાર થયો. માતૃ હૃદયનો જય જયકાર થયો.

★

પડું છું ત્યારે રજનીરાણી મને સંભાળે છે. અને જ્યારે હું જાગું છું. ત્યારે સૂર્ય તરફ જોઈ રહું છું. દિવસનું એ નેત્ર છે. મને એના તરફ જોવું ગમે છે. એ મને હસાવે છે.

હું તમારી દુનિયાનો દ્રાક્ષાસવ પણ પીઉં છું તુષારબિંદુઓ મારા માટે એ લાવે છે. અને મારી સંગીત મહેફીલમાં પક્ષીઓનાં ગાન સંભળાય છે. તૃણ તૃણના નૃત્ય હું જોઉં છું.

હું પ્રેમીજનો માટેની ભેટ છું. લગ્ન મહોત્સવની માળા છું. હું સુખદ સંસ્મરણોની એક નાની ક્ષણ છું તો જીવંત માનવોની વિદાય લેતા માનવ માટેની પણ હું જ છેલ્લી છેલ્લી ભેટ છું.

હું આનંદવાટિકા છું ને હું જ શોક-વાટિકા છું. હું પણ તમારા હૃદય જેમ જ મારા હૃદયમાં બન્નેને સંગ્રહું છુ આનંદ અને શોકને મારું જીવન પણ એક સંપૂર્ણ જીવન છે.

પણ મારા જીવનની એ એક મહત્તા છે. કે મારે પ્રીતિ પ્રકાશની છે. ને એ પ્રકાશકિરણ માટે, મારે ઉન્નત આસમાન તરફ જ નજર રાખવાની છે. હું નીચી નજર રાખીને મારા પડછાયાને પ્રીતિ આપી શકું નહિ.

મારે તો ઉન્નત મસ્તકે પ્રકાશ-કિરણ જ જોવું રહ્યું. મારા પોતાના પડછાયા નહિ. મારી પાસેથી માનવજાતને મેળવવાનું આ છે. પ્રકાશ તરફ દૃષ્ટિ અને અંધકાર તરફ નજર પણ નહિ.

છું તો હું એક નાનામાં નાનુ ફુલ પણ કુદરતના ને માનવના કેટલા બધા કાર્યક્રમોમાં મારી જાત ગૂંથાઇ ગયેલી છે. કુદરતના તાલમાં મારો તાલ છે. લયમાં લય છે. ગાનમાં ગાન છે. આનંદમાં આનંદ છે. મારી આસપાસની બધી સૃષ્ટિમાં પણ મારો મેળ છે. હું બાળક ધરતીનું છુ. પણ મારીનજર છેક આકાશ ઉપર છે.

હું મારા જીવનરંગ ત્યાંથી લાવુ છુ. તો મારો જીવનપ્રેમ પણ ત્યાં જ વ્યકત કરુ છું.

માનવ, મારી પાસેથી આટલું જ ગ્રહણ કરે તો ?

એ પોતાના જીવનરંગમાં આકાશી રંગો પ્રગટાવે, ભલે જીવનક્રમમાં એ ધરતીનો બાળક રહે. આટલું જ હું માનવને કહી શકું, તો મેં માનવને મારા દિલની ભેટ આપી દીધી હશે !...

☆

"બુદ્ધિપ્રભા"

અવશ્ય વાંચો.

**વાર્ષિક લવાજમ ફક્ત રૂ. ૩-૦૦**

"બુદ્ધિપ્રભાના" ગ્રાહક થનારે નીચેના સરનામે લખી જણાવવું.

બુદ્ધિપ્રભા કાર્યાલય

C/o જશવંતલાલ ગિરધરલાલ શાહ
૩૦૯/૪ ડોશીવાડાની પોળ
ખત્રીની ખડકી, અમદાવાદ-૧

# દેવનાર કતલખાનાનાં હિમાયતીઓને જાહેર નમ્ર વિનંતિ

## "–એ લોહીનો વેપાર અને લોહીનો રોટલો ભારતને નથી ખપતો"

ભૂતકાળમાં કદીય ન હતો, એટલો ભય ભારતીય સંસ્કૃતિ પર આજે તોળાઈ રહ્યો છે.

ભારતે ઘણાં આક્રમણો જોયાં, રાજ્ય પલટા અને રાજકીય પરિવર્તનો જોયાં, પરધર્મીઓનાં શાસન પણ જોયાં, પરંતુ ક્યારેય દેશનાં વિકાસ યોજનાના અંગ તરીકે લોહીનો વેપાર શરૂ કરવાનું ભારતે વિચાર્યું પણ હોય, એવું બન્યું નથી.

અહિંસા એ ભારતનું બીજુ નામ છે. ભારતનાં તમામ ધર્મોની ભાવનામાં અહિંસાનો રણકાર છે. જીવદયા એ ભારતીય સંસ્કૃતિનો ધબકાર છે.

ધરતીનાં પટ પર કદાચ આ એકજ એવો દેશ છે કે જ્યાં પ્રાણીમાત્ર પ્રત્યેની દયા, અનુકંપા લોકોના જીવન વ્યવહાર સાથે વણાઇ ગયેલું છે, જ્યાં પશુ–પક્ષીઓ સાથેનાં સંબંધો કદી પૈસા અને લાભની દ્રષ્ટિએ જોવાયાં નથી. આ દેશના માનવોની અર્થ રચનામાં, ગાયને ઘાસ, કુતરાને રોટલો, પરેવાને જાર, કીડીને લોટ-ખાંડ, વાંદરાને ..., માછલાને દાળીયાનો હિસ્સો જળવાતો આવ્યો છે. ભાવનાની ઉદાત્તતા તો એ છે કે ભારતીય જીવ-દયા કેવળ ઉપયોગી પશુ—પક્ષીઓપુરતી જ મર્યાદિત નથી, એતો સર્વ જીવોને પોતાનો વિષય બનાવે છે.

ભારતીય સંસ્કૃતિની પરાકાષ્ઠા તો એ છે કે પશુ–પક્ષીઓને દયાથી જીવાડતા હોય તેવા ભાવથી ભારતે કદી વિચાર્યું નથી. પશુ–પક્ષીઓને દેવ દેવીનાં વાહન કલ્પી, પૂજ્ય દ્રષ્ટિએ નિહાળાં છે; નિર્બળ–મૂંગા—અજ્ઞાન પશુ–પક્ષીઓ મારવામાં ભારતે અધર્મ માન્યો છે. ગૌ-પૂજા–નાગપૂજાને તહેવારોમાં ગૂંથી ભારતીય ભાવનાને ચિરસ્મરણીય બનાવી છે.

ઘરડાં અપંગ મા–બાપને પાળે એટલા પ્રેમથી અને ચીવટથી ભારતે ખોડા–ઢોરની પાંજરાપોળો નિભાવી છે.

ભારતે જીવન વ્યવહારમાં પશુ–પક્ષીઓને કયાંય ઓછું–ઊણું સ્થાન આપ્યું નથી. પશુ – પક્ષીઓનાં રક્ષણ–માવજત – સંવર્ધન અને પાલનનાં કાયદાઓમાં ભારતનો વિશ્વમાં વિક્રમ છે. ભારત એથી જ ઉન્નત છે.

નિર્બળ અને આશરે રહેલાંને મારવામાં ભારતે સદાય હિણપત માની છે. અરે! શિકારીની ઝપાટમાંથી છૂટી–ઊડીને ખોળામાં ફફડાટથી પડેલા તેતર પક્ષીને શિકારીને પાછું ન સોંપવા ખાતર શિકારીની પોતાના પુત્રોને ધર્મયુદ્ધે પ્રેરનાર માતાઓ આ દેશમાં જન્મી છે.

ભારતનો ઈતિહાસ આવી ગૌરવ ગાથાઓથી ભરપુર છે.

"દેખ બિચારી બકરીનો પણ કોઈ ન જાતાં પકડે કાન, એ ઉપકાર ગણી ઇશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન" એ સૂત્ર તો હજુ તાજૂજ છે. માનવીઓ સાથે એકમેક થઈને પશું–પક્ષીઓ ભારતમાં નિર્ભયતાથી જીવતાં આવ્યાં છે. ભારતના તમામ લોકપ્રિય શાસ-

નકારો દરમ્યાન પશુ-પક્ષીઓની હિંસાનો પ્રતિબંધ કરતાં કાયદાઓ થયાં છે. એ ભાવનાનાં સીમાચિન્હ સમું અશોકચક્રઆજે પણ આપણાં રાષ્ટ્રધ્વજ અને રાજ્યમુદ્રામાં અંકિત છે, અને તે એટલા માટે કે ભાવનાનાં સ્ખલનની કોઈ નબળી પળે એ મુદ્રા આપણને પ્રેરક અને બોધક બને.

ભારતીય ભાવનાનાં સ્ખલનની પળ આજે ઊભી થઈ છે.

જે ભારતમાં "ગોબ્રાહ્મણ પ્રતિપાલ"ના ઈલ્કાબો અપાતા એજ ભારતની ધરતી પર, મહારાષ્ટ્રને આંગણે, મુંબઈથી આશરે ૧૮ માઈલ દૂર થાણાખાડી વિસ્તારમાં ચેમ્બુર નજીકના દેવનાર ગામે એકસો છવીસ એકર જમીન પર, અંદાજ રૂપિઆ બે કરોડનાં ખરચે, ડેન્માર્કના નિષ્ણાતોની સલાહ મુજબનું, માત્ર છ કલાકમાં જ આશરે છ હજાર ત્રણસેં પશુઓને રહેંશી શકે તેવું-રાક્ષસી યાંત્રિક કતલખાનું ભારતની વિકાસ યોજનાના એક ભાગ તરીકે શરૂ કરી, પશુઓનાં હાડમાંસ-જીભ-ચામડા આંતરડા, વિગેરેની પરદેશી પેઢીઓનાં સહકારથી નિકાસ દ્વારા, અર્થ ઉપાર્જન કરવાનું આપણી ભારતીય સહકાર-મહારાષ્ટ્ર સરકાર અને મુંબઈ કોર્પોરેશને સંયુક્ત રીતે વિચાર્યું છે.

આ ગોઝારા મહા પાપયજ્ઞનો ઠરાવ પ્રાથમિક કક્ષાએ થયો છે એથી હજુ કાંઈ બગડી ગયુ. નથી.

આ યોજનાનો આ ત્રીજો ઉથલો છે.

સને ૧૯૨૫માં પહેલી વાત ઉપડી, વિરોધ થયો. વિરોધથી વાત પડતી મૂકવી પડી છે. સને ૧૯૩૨માં ફરી ઉપડી, ત્યારે પણ એમ જ બન્યું. આજે એ વાત ફરીને ઉભી થઈ છે.

સને ૧૯૨૫-૧૯૩૨માં આપણે પરાધીન હતાં, આજે સ્વાધીન છીએ. બાપુના ચીંધ્યા માર્ગે જનારૂં રાજ્ય એ વખતે ન હતું, અશોકચક્રનું ચિન્હ અને સત્યમેવ જયતેનું પ્રેરક સૂત્ર એ વખતે રાજ્યમુદ્રામાં અંકિત ન હતાં, પંચશીલનાં સિદ્ધાંતો દુનિયાને ભેટ કરી શકે એવું ભારતનું આગવું ગૌરવવંતુ સ્થાન પણ દુનિયામાં ન હતું એ વખતે પણ પડતા મુકાયેલા વિચારને પૂનર્જીવન આપવાની કુબુદ્ધિ આજે સૂઝી છે.

ભારત મરતાં શીખ્યું છે. મારવાનાં પ્રકરણો હજુ ભારતના ઇતિહાસમાં લખાયા નથી. શીલ, ધર્મ, ગૌરવ અને આબરૂ કરતાં ભારતે પૈસાને કદી પ્યારો ગણ્યો નથી. જીવનનાં ઉમદા તત્ત્વોના લિલામ ભારતે કદી નિહાળ્યા નથી. ભારત નામ સાથે જેને નિસ્બત હશે, એવો કોઇ ભારતવાસી નહી હોય કે આવા કલંકને આવકારે. આવી પતનની પરાકાષ્ઠાની હીમાયત કરનાર ગમે તેટલો મહાન હોય તો પણ તે બહારથી ભારતવાસી છતાં પરદેશી જ છે.

આવા કતલખાનાની હીમાયત કરનાર ભારતનાં કુલ દીપકો એકવાર જાહેર કરો અને કહો:—

કહો કે રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, ઇશુ, મહમદ, નાનક, ગાંધી વિગેરે યુગપુરૂષો અમારા કરતા ઓછું જાણતાં હતાં.

કહો કેઃ–એવા પુરૂષોએ પ્રબોધેલા દુનિયાનાં બધા ધર્મો ધતીંગ છે. માનવ જીવન સાથે એને લેવા દેવા નથી.

કહો કેઃ-લોકોની ધર્મ ભાવનાને અનુરૂપ હિંસાનો પ્રતિબંધ કરનારા કુમારપાળ, અશોક, અકબર વિગેરે શાસન કર્તાઓ નિર્બળ અને સમજ વિનાનાં હતાં.

કહો કેઃ-અહિંસાનાં ગાણું એ ફટાણું છે.

કહો કેઃ પૈસો મેળવવા માટેની કોઈ પ્રવૃત્તિ પાપ નથી, પાપ હોય તો પરવા નથી, લાંછન હોય તો શરમ નથી.

કહો કેઃ-પૈસા કરતાં ધર્મને પ્રાધાન્ય આપનાર આપણા વડવાઓ મૂર્ખ હતા, પછાત હતા.

કહો કેઃ-ભારત ખેતી પ્રધાન દેશ નથી, પશુ-ધનની ભારતને જરૂર નથી.

કહો કેઃ-નિર્બળ પશુઓને મારવામાં મર્દાનગી છે.

કહો કેઃ-પશુ જીવનને રક્ષણ આપતી આપણાં બંધારણની કલમ ૪૮ નકામી છે.

કહો કેઃ-આ કતલખાનું નહીં થાય તો ભારત પર કટોકટી આવી પડવાની છે.

કહો કેઃ-આ મહાન રાષ્ટ્રીય નિર્ણય છે.

કહો કેઃ ઓછામાં ઓછા સમયમાં અને વધુમાં વધુ પ્રમાણમાં મુંગા પશુઓને મારવાનો આ મહાઉદ્યોગ-એ અમારો મહાન વિક્રમ છે.

કહો કેઃ-લોહીનાં વેપાર જેવો ગૌરવવંતો બીજો કોઈ વેપાર નથી.

કહો કેઃ- લોકલાગણીને પરધર્મી અને પરદેશી શાસનમાં જે સ્થાન હતું તે આજે નથી.

કહો કે ધર્મ ભાવના જેવી કોઈ વસ્તુ નથી. હોય તો અમે એ રહેવા દેવા માગતા નથી.

કહો કેઃ–દેવનારનું કતલખાનું એ ભાખરા નાંગલ જેવું રાષ્ટ્રીય તીર્થ છે. અમારી પંચવર્ષીય યોજનાનો આ નીચોડ છે.

કહો કેઃ–આજે અમને કોઈ કહેનાર નથી. અમે બેફામ બન્યા છીએ, ભારતીય આબરૂનાં ચીર અમારા હાથે જ અમે ખેંચવા માંગીએ છીએ.

એમ ન હોય તો કરોડો આશ્રયે મૂગાં, અજ્ઞાન, નિરાધાર, પામર પશુઓનાં લોહી છાંટીને રોટલા ખાવાનો ભાવ ન થાય; ભારતીય ભૂમિમાંથી પશુધનનાં નાશનો આવો પરશુરામી નિર્ણય ન થાય.

આવો આકરો નિર્ણય લીધો છે ત્યારે આ કહેવું પડે છે.

દીલમાં દયા હોય તો કરગરીને કહીએ છીએ, મનમાં અભિમાન હોયતો નમીને કહીએ છીએ, હૃદયમાં સાચુ સમજવાની દૃષ્ટિ હોય તો પોકારીને કહીએ છીએ કે આ પાપનો માર્ગ છે. પતનની પરાકાષ્ટા છે. કૃપા કરી પાછા વળો–જીવો અને જીવવા દો, એ લોહિનો રોટલો ભારતને નથી ખપતો.

ભારતીય સંસ્કૃતિમાં માનનાર તમામ ભારતવાસીઓનો આ અંતરનાદ છે, એની નોંધ લેશો.

**શાહ રતિલાલ જીવનલાલ અંમજી-ભાઈનાં જય હિન્દ (સુરેન્દ્રનગર)**

★

# પ્રથમ કલંક

લે: શ્રી. રજનીકાન્ત જયંતિલાલ શાહ ચાણસ્મા

દેવનાર ખાતે બે કરોડ ને ખર્ચે–આપણી સંસ્કૃતિનું રક્ષણ કરનાર સરકાર મુંગા જીવોની કતલ માટે ભયંકર વિનાશ ઘર બાંધશે.

આજે તો ઠેર ઠેર આનો વિરોધ થાય છે. થઈ રહ્યો છે. આપણી આ ભોમને અર્પણ થતું આ પહેલું કલંક.

આપણા રાષ્ટ્રપિતા સત્ય અને અહિંસાના ઉપાસક હતા. આપણા ઉપર સીતમ ગુજારતા પરદેશીઓની સામે પણ અહિંસાથી સામનો કર્યો જ્યારે તેમના પુત્રો આજે રક્ષવા યોગ્ય એ પશુધનની કતલ કરે એ વિરરત્ન બાપુનો આત્મા સાંખી શકશે?

આપણા વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂ એ અલ્હાબાદમાં ગંગાકિનારે બાપુના મૃત્યુ વખતે લાખોની જન મેદની સમક્ષ જે શબ્દો ઉચ્ચાર્યા હતા તે શું આજે ભુલાઈ ગયા?

" Viotence for him was the oppsite of the truth and ther for he taught us to oppose violence not only of the hand but of mind and heart the path of violence is dangerous and facedom seldom lasts fo long where there is violence our talk of swarajya and the people's fredom is meaningless it we have violelnce and diggerences among us "

" Take out fear from you hearts putrta end to violonce; and keep your country tree. "

આપણી સંસ્કૃતિ સત્ય અને અહિંસાના પાયા ઉપર રચાઈ છે એ પાયા જો હચમચી ઉઠશે તો—

વિર રત્નો આપણા દેશમાં સત્ય અને અહિંસાનો પેગામ લઈને જન્મ્યા હતા. તેવી આ આપણી સોનેરી તપો ભૂમિપર કતલખાનાનો (વિનાશઘરનો) પાયો એ મા ભોમને કલંક જ કહેવાશે ને!

કતલ ખાનું શરૂ કરતાં પહેલાં આપણે પંદરમી ઓગષ્ટ ઉજવવી છોડી દેવી પડશે. —બાપુને ભુલી જવું પડશે-કારણ બાપુનો આત્મા હજુ હીંસાનો વિરોધ કરે છે.

સત્ય અને અહિંસાના અવતારી બાપુએ પોતાનાં ખૂન બહાવી મહામુલી (સ્વતંત્રતા) આપણને અપાવી સત્ય અને અહીંસાની વેદી પર આત્માની ઈમારત ચણી.

હવે આ કતલખાનાથી (લાખો રૂપિયાની આવક થવાની લાલસાએ) આપણી અબજો રૂપિયાની સ્વતંત્રતા નહેરૂજીના શબ્દોમાં છીન્ન ભીન્ન નહીં થાય? શું બાપુએ ફક્ત માનવ હીંસા માટે જ વિરોધ કર્યો હતો? મનથી પણ હીંસા ન થાય તે માટે પણ તેમણે શીખવ્યું હતું.

ભારતમાં હજારો વર્ષથી હિંસાનો વિરોધ થતો આવ્યો છે. છેલ્લે છેલ્લે બાપુ પણ આપણને એ પાઠ આપતા ગયા.—અને એ ગયા...

# ધાર્મિક શિક્ષણની જરૂરીયાત

લે. શ્રી રજનીકાન્ત શાહ "પૂર્ણેન્દુ"

( **નોંધઃ**-આજે ધાર્મિક જ્ઞાનની ઘણી જ જરૂયાત છે, ધાર્મિક જ્ઞાન પણ ખૂબ સમજણ પૂર્વકનું તેની આપણામાં ઘણી ખામી છે અને તે લાવવા ખાસ પ્રયત્ન કરવો જોઇએ તેનો લેખકશ્રીએ અંગુલિનિર્દેશ કર્યો છે તંત્રીઓ )

સાક્ષાત જિનેશ્વર દેવની આજ્ઞાને અનુસરવું એ માનવીનો ધર્મ છે. જીવનને ખરેખરૂં સફળ બનાવવા માટે ઉચ્ચકક્ષાનું શિક્ષણ હોય તો તે ધાર્મિક કેળવણી આ સંસ્કારો બાળકોમાં તેના પૂર્વ જીવનમાં વસાવવાની જરૂર છે. ધાર્મિક સંસ્કારોથી માતપિતાઓની આશાઓ પૂર્ણપણે સફળ થાય છે. ધર્મજ, ઉન્નતિનો, પ્રગતિનો, કુળનો, સમાજનો અંતે દેશનો અને સારા જગતનો ઉદ્ધારક છે.

સંસારી જીવનમાં મુક્તિ, ધર્મવડે જ મળી શકે છે. તે માટે શ્રદ્ધા અને ભાવનાની જરૂર છે. ધાર્મિક કેળવણી માટે ભાવના મુખ્યત્વે ભાગ ભજવે છે. ધાર્મિક જ્ઞાન લેવું કપરૂં છે, પરંતુ ઘણું જ બોધદાયક છે. ધાર્મિક શિક્ષણમાં ઘણાં તત્ત્વો સમાયેલાં છે. તે મેળવવા શૌર્ય અને હિંમતની પ્રથમ જરૂર છે. "પ્રયત્ન કરો સફળતા જરૂર મળશે" આમ જૈન ધર્મની પ્રગતિ માટે શિક્ષણની પ્રથમ જરૂરીયાત છે.

ભારતને આઝાદી પ્રાપ્ત કર્યા ૧૪ વર્ષ થયાં. તેમાં વર્તન, વિચાર, વર્તણુક, શારિરીક, માનસિક, માટે સ્વતંત્રતા આપી છે. તો તે સર્વને અનુલક્ષી કેળવણી જરૂર પ્રાપ્ત

---

હજુ પણ એ મહાવીરની મૂર્તિ આપણા રોમે રોમમાં અંકિત છે. તેને કદી નહીં ભુલાય.

જ્યાં સુધી એ મહાન પુરુષોની મહાગાથા અહીં ગવાતી હશે ત્યાં સુધી આવા વિનાશકારનો વિરોધ થવો ઘટે.

અબ્રાહમ લિંકન કે જે સત્યની ખાતર લાખો અમેરીકનોની કતલ જોઇ શકયા હતા પણ એક નિર્દોષ કુકરને તરફડતું નહોતા જોઈ શકયા.

આપણી સંસ્કૃતિ અને સ્વાતંત્ર્યતાની રક્ષા કરવાનું એલાન જે સરદાર આપણને આપી રહી છે તે ખુદ રક્ષા કરી શકશે ખરી ?

સ્વતંત્રતાનું સોનેરી સમણું એ કતલખાનામાં કપાઈ જશે...ખાખ થઇ જશે.

"tWe have to do our duty and carry out the promises we have given him let us walk an path of truth and dharma."

આ શબ્દો ભલે નેતાઓને કાર્યકરો ભુલી ગયા પણ ભારતના દરેક નાગરીકે એ બાપુને આપેલા વચનને ઉઠાવવું જ પડશે. અને પાર પણ પાડવું પડશે. એ અવધૂતના અધુરા આદર્શો પુરા કરવાની નેમ ટકાવીને જ આપણે આપણી શાન બઢાવી શકીશું.

★

કરવી જોઇએ.

ઉંચામાં ઉંચો ધર્મ આત્મધર્મ છે. અને તે કેળવવા ધાર્મિક કેળવણીની પ્રથમ જરૂર છે. અને તો જ જૈનધર્મ સાર્થક થશે. તથા સહાયક થશું અને જૈન ધર્મની સાર્થકતા એ જૈનોનો મુખ્ય ધ્યેય છે. માટે જ ધાર્મિક જ્ઞાન પ્રત્યે રસ તથા તેને માટે સ્વાવલંબ, સ્વાર્પણ કરી દેવું જોઈએ. ધર્મ જ ઉન્નતિ પ્રગતિનો તથા જીવન સાર્થકતાનો પાયો છે.

જૈન ધર્મના સિદ્ધાંતોની હરોળમાં બીજા સિદ્ધાંતો આવી શકતા નથી તેટલા તે ઉચ્ચ કક્ષાના છે. એટલા માટે જૈનોએ ખ્યાલમાં રાખવું જોઇએ કે આપણે "જૈન તરીકે જીવવાના છીએ, જૈન તરીકે મરવાના છીએ અને કાર્યપણ જૈન તરીકે કરવાના છીએ. "બાકી તો આત્મા ૮૪ લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કર્યા જ કરે છે. જીવે છે. અને મૃત્યુ પામે છે. એકમાંથી બીજામાં અને ત્યાંથી ત્રીજામાં તેમ અનંતા કાળથી પરિભ્રમણ કર્યા જ કરતો આવ્યો છે. અને કરશે. પણ તેમાં તે ચાર ગતિમાંથી ઉત્તમગતિ, મનુષ્યગતિ, તેમાં વળી જૈનધર્મ અને ઉત્તમકુળ પણ જો ચુકયા તો સર્વસ્વ ગુમાવી બેઠેલો આત્મા નરક સિવાય બીજે જાય કયાં?

મુખ્ય ચાર ગતિ, દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી, તેમાં જો મનુષ્યભવમાં સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન, સમ્યક્‌ચારિત્ર્ય રૂપી આરાધનાઓથી જૈન, સંસાર પાર કરી તરી જાય તો ખરેખર! આત્મા સિદ્ધિગતિને જરૂર પામી શકે અને તે માટે જરૂર કોની! સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન, અને સમ્યક્‌ચારિત્ર્યની, અને તે કયાંથી મળી શકે? ધાર્મિક કેળવણી દ્વારાજ.



સમ્યક્‌જ્ઞાનસાથે સમ્યક્‌દર્શન તેમ સમ્યક્‌ચારિત્રની પણ પ્રથમ જરૂર છે. સમ્યક્‌જ્ઞાન રૂપી જ્યોતમાં પ્રકાશ માટે સમ્યક્‌દર્શન રૂપી કોડીયું તથા સમ્યક્‌ચારિત્ર્ય રૂપી તેલની તો પ્રથમ જરૂર જોઈએ તો જ તે જ્યોત પ્રકાશ અર્પી શકે.

જીવનમાં સદ્‌ગુણો એજ માણસની પ્રગતિનો પંથ છે. અને ધાર્મિક કેળવણી દ્વારા જ આંતરિક ગુણો જીવનમાં ઉતરી શકે છે. મહાત્માઓનાં ચરિત્રો વાંચતાં ખ્યાલ આવશે કે તેઓ કઈ રીતે મહાનપદ–સિદ્ધપદ પામ્યા? સેવા, ત્યાગ, અહિંસા, તથા બલિદાન, એ જ સાચો ધર્મ છે અને તે કયાંથી મળી શકે? ધાર્મિક કેળવણી દ્વારા જ માટે જીવનમાં સાચો ધર્મ ઉતારવા પ્રથમ ધાર્મિક જ્ઞાનની જરૂર છે.

★

# આંધળી દોટ

લેખક—યશવંત સંઘવી

એક ગરીબ બ્રાહ્મણની વાત છે. દિવાળી નજીક આવી રહીછે. દિવાળી માણવા કોડ જાગ્યા છે. શિવજીનોએ ભક્ત છે. રોજ ઉઠતાંજ શિવજીનું સ્મરણ કરી શિવ....શિવ... કરતો સ્નાન કરે, પૂજાપાઠ કરવામાં તો જાણે એ શિવજીની સાથે તલ્લિન થઈ ગયો હોય એમ લાગે અને ઊંડે ઊંડેથી શિવજીને આજીજી કરે કે હે ભોળા શંભુ! મને હવે આ ગરીબીમાંથી ઉગાર અને હવે તો આ દિવાળી આવતાં સુધી સારા દહાડા દેખાડ! મારો તુંજ આધાર છે! તારા સિવાય મારા ઉરની વિનંતિ કોને સંભળાવું!

શિવજી પણ આ ભક્તની ભક્તિ જોઈ કંઈક જાણે પિગળ્યા હોય તેમ તેના માટે વિચાર્યું અને દુઃખતા દિલે કહેતા હોય તેમ ભક્તને ઉદ્દેશીને કહેવા લાગ્યા—તારા ભાગ્યમાં ધનતો નથી બેટા! તને હું આપીશ તોય નહીં મળે!

"ભગવાન! તમે આપો તો ખરા!!"

"તથાસ્તુ! જા કાલે તને આપીશ" એમ કહીને શિવજી અંતર્ધાન થઈ ગયા.

બ્રાહ્મણને તો રાતે કેમ કરી ઊંઘ જ ન આવે આનંદથી એ તો હરખપદુડો થઈ ગયો. એ તો સવારમાં નાહ્યો ન નાહ્યો ને સીધો શિવાલયમાં જલ્દી જલ્દી પૂજાપાઠ આટોપ-તોકને—" આજેતો ધન મળશે...હું મહેલ બાંધીશ....આનંદથી રહીશ... વિ. શેખચલ્લી જેવા તરંગોમાં મહાલતો મહાલતો, જાત જાતના ચાળા કરવા લાગ્યો.

" પછી હું ઘરડો થઈશ....આંખે ઝાંખપ આવશે....સોનાની મૂઠવાળી રૂપાની લાકડી ઠપકારતો ઠપકારતો રોજ મહાદેવના મંદિરમાં આવીશ. મારા વચલા દીકરાનો દીકરો મને લાકડી ઝાલીને દોરી જશે....એવી એવી કલ્પનાઓમાં રાચતો રાચતો એ બ્રાહ્મણ આંખે ઝાંખપ આવે ત્યારે કેમ ચાલવું તેનું જાણે રિહર્સલ કરતો ન હોય તેમ આંખો મીંચીને હાથ આગળ કરીને ચાલવા માંડયો. રસ્તે શિવજીએ હીરા–મોતીનો ઢગલો ખડકયો હતો. તેના રિહર્સલમાં આ ઢગલા ઉપર તેની નજર જ કયાંથી પડે? એતો એને જોયા વિના જ ઘેર પહોંચી ગયો.

આ એક રૂપક છે, સ્વરાજ્યની લડતમાં પ્રજાનુ આવું જ થયું છે. સ્વરાજ્યનું વરદાન તો મળ્યું. પણ પ્રજા સત્તા અને સંપત્તિના નશામાં ચકચૂર અને ગાફેલ–આંધળી બની છે. તેથી આત્મિક ધનના ઢગલાની સૂઝ આવતીજ નથી અને વર્ષો ઉપર વર્ષો જાયછે, દિવાળીઓ આવતી જ જાય છે. વર્ષે વર્ષે પંદરમી ઓગષ્ટ કે પ્રજાસત્તાક દિન આપણી સામે આવે છે ને આવીને વર્ષ જતાં જાય તેમ ભારેખમ થતા એ દિવસો ચાલ્યા જાય છે. યોજનાઓના ઘોડા દોડાવનારાઓની આંધળી દોટમાં પ્રજાનો કેવો કચ્ચરઘાણ નીકળી જાય છે! અને નવું વર્ષ, નવો માસ, નવલું પ્રભાત કેવું ઉગે છે.! તો તે ઘાયલની ગત ઘાયલ જાણે. અસ્તુ. નવા વર્ષમાં સત્તા સંપત્તિ અને સાહ્યબીનો નશો ઉત્તરે એટલું જ ઈચ્છીએ.......

★



નૂતન વર્ષના નવલાભિનંદન
જૈન સમાજે આજ અપનાવેલી......
એમ.એમ.ખંભાતવાળાની
મનોહર
અગરવાટ
સુખડ, અરાસ. કેસર,
કસ્તુરી વી. સુગંધિયુક્ત
વનસ્પતિઓમાંથી
બનાવેલી હોવાથી
વાતાવરણ શુધ્ધ, પવિત્ર
અને સુગંધિત બનાવે છે.
મનોહર અગરવાટ
નિર્માતા:
એમ.એમ.ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ ૧.
ફોન ૫૧૮૦૨ ગ્રામ: 'લોમા'
B SHAH

# દિપાવળી યાને સર્વધર્મોનું સંમેલન પર્વ

લે. 'નિર્મળ'

**દિવાળી** મંગલમય પર્વ છે. દરેક દેશમાં દરેક ધર્મવાળાઓ આ પર્વને પર્વ તરીકે માને છે અને ઘણા જ ઉત્સાહથી ઉજવે છે. કેટલાંક પર્વો એવાં છે કે તેને એકધર્મ–સંપ્રદાય વાળા માને છે. પર્યુષણનું પર્વ જૈનો જ માને છે. જન્માષ્ટમી, નાળિયેરી પૂનમ કે રામનવમી પર્વને એકલા વૈષ્ણવો માને છે. નાતાલને ઈસાઈ ઓ જ માને છે. આમ આ બધા વ્યક્તિગત પર્વો છે. જ્યારે દિવાળી એક પર્વ એવું છે કે-જેને સર્વ ધર્મવાળા એકી સાથે ઉજવે છે. જેથી દિવાળી પર્વ સર્વ ધર્મ સર્વ જાતિઓના સંમેલન જેવું છે.

ભગવાન મહાવીર નિર્વાણ–મોક્ષ પામ્યા. જ્ઞાન રૂપ સર્વત્ર પ્રસરતો ગયો. તેના પ્રતિકાર રૂપે લોકોએ લાખો ક્રોડો-અસંખ્ય દીવાઓનો પ્રકાશ કર્યો. આમ ભગવાન મહાવીર નિર્વાણના પ્રતિક રૂપે દીવાઓની શ્રેણિઓ થવાથી દીપાવલિ-પર્વ અતિ મહત્વનો દિવસ જૈનોની દ્રષ્ટિએ મનાયો.

ભગવાન મહાવીર વિના એક ક્ષણ પણ ન રહી શકે તેવા પ્રથમ ગણધર ગૌતમસ્વામીને ભગવાન મહાવીરે નિર્વાણ સમયે દેવશર્મા ખેડૂતને ઉપદેશ આપવા એટલે તેનો મારા ઉપરનો પણ મોહ ઉતર્યા સિવાય કદી કેવળજ્ઞાન મોક્ષ નહીં થાય એ ઉદ્દેશથી મોકલ્યા —અલગ કર્યા. મોહપ્રેમ કરતાં સાત્વિક પ્રેમ કોઈ જુદો જ હોય છે.

પ્રતિબોધ કરી પાછા ફરતાં ભગવાનના નિર્વાણના સમાચાર સાંભળતાં ગૌતમસ્વામી ઘણો વિલાપ કરે છે. ભગવાનને ઓલંભા આપે છે અને છેવટે વિચારે છે કે તેમણે જે કાંઈ કર્યું છે તે મારા કલ્યાણની ખાતરજ કર્યું. છે. અને જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી કેવળજ્ઞાન કદી નહીં થાય અને એમ વિચારતાંજ તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અને નવું પ્રભાત પ્રગટે છે. તેથી બેસતું વર્ષ પણ ગૌતમ ગણધરના કૈવલ્યના પ્રતિક તરીકે પર્વરૂપે ઉજવાય છે.

ગૌતમસ્વામીએ મોહ પર વિજય મેળવી મોહાંધકારને દૂર કરી જ્ઞાન પ્રકાશ મેળવ્યો—આંતરિક પ્રકાશ મેળવ્યો આજે લોકો બાહ્ય અંધકારને દૂર કરવા સેંકડો, હજારો–લાખો દીવાઓ પ્રગટાવશે. મોટાં મોટાં શહેરોમાં તો રોશનીનાં મોજાં ફરી વળશે. લોકો લાખ્ખો-કરોડો રૂપિયા રોશની પાછળ ખર્ચશે. પણ જે પ્રકાશ ગૌતમસ્વામીજીને મળ્યો તે આ કરોડોના ખર્ચે કરેલા દીવાઓ આપશે ખરા ? આ બાહ્ય પ્રકાશથી અંતરનું અંધારૂં જાય ખરૂં !

બાહ્ય જગતનો પ્રકાશ ખૂબ જ કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે. અસલના જમાનામાં લોકો કોડિયાં સળગાવી દીવેલના દીવા બાળતા. જેમાંથી આંખો બગડવાને બદલે સુધરતી. પછીથી કોડિયાંને સ્થાને ફાનસ આવ્યું, ફાનસનું સ્થાન ગેસના દીવાઓએ લીધું. પ્રકાશ વધવા જ માંડ્યો. અને હવે તો ઠેક ઠેકાણે વીજળીના દીવા કે જે માણસોને છતી

આંખે આંધળા કરવાનું પ્રમાણ વધારી રહ્યા છે. એનાથી પણ આગળ ટયુબલાઇટો કે જે રાત્રે દિવસનું ભાન કરાવે છે. તે થઈ. આમ બાહ્ય પ્રકાશ વધવા જ માંડયો. આમાં કયાંય અંતર પ્રકાશ આવ્યો ખરો ? પણ જેમ જેમ બાહ્ય પ્રકાશ વધતો જાય છે. તેમ તેમ અંતરનો અંધકાર એટલાજ જોરથી વધે છે. આજની દુનિયા મોહના અંધકારમાં વધારેને વધારે ડુબતી જ જાય છે. આજનો સમાજ વિલાસના મહાર્ણવમાં ઉંડોને ઉંડો ખૂંચતો જ જાય છે અને જેમ બાહ્ય સાધનો વધારે મેળવતો જાય છે તેમ વધારે પંગુ બનતો જાય છે. પરિણામે જગત જવાળામુખીની આગથી સંતૃપ્ત બનતુંજ જાય છે. ! !

બીજા દિવસોમાં લોકો સાદાઈમાં રહેતા હોય છે જ્યારે દિવાળીના દિવસોમાં અનેક રીતે વિલાસી બને છે રોજ દાળભાત રોટલી શાક ખાનારા દિવાળીમાં મેવા મીઠાઈ ફરસાણ આરોગે છે. રોજ સાદાં કપડાં પહેરનારા દિવાળીમાં રેશમી જરીનાં વસ્ત્રો અને હીરા-મોતીનાં આભૂષણો પહેરે છે. બીજા દિવસોમાં નાટક સિનેમા નહીં જોવા જનારાઓ પણ તે દિવસે ખાસ જોવા જાય છે.

ભગવાન ગૌતમનું અનુકરણ કરી મોહનો વિજય મેળવી આતમમાં જ્ઞાનદીપક પ્રગટાવવાને બદલે આવો વિલાસ આ પવિત્ર પર્વની અપભ્રાજના કરે છે.

બહારના દીવડાઓ તો પ્રતિક છે. બાકી અંતરનો દીવડો આ દિવસોમાં પ્રગટવો જોઈએ. નવું નવું જ્ઞાન મેળવવાની જ્ઞાન પિપાસા જાગૃત કરવી જોઈએ. જ્ઞાન પણ એક અદ્ભૂત શક્તિ છે. જ્ઞાનહીન માનવ હીનતા ભર્યું જીવન જીવે છે જ્યારે જ્ઞાની ગૌરવવંતુ જીવન જીવી શકે છે. આંધળાને આંખો આપવી એ પુન્ય કાર્ય છે.

તેનાથી અજ્ઞાનીને જ્ઞાન આપી તેના અંતર્ચક્ષુ ખોલવાં તે તો મહાન્ પુન્ય કાર્ય છે, આવા દિવસોમાં અતિ આવશ્યક બને છે.

દિવાળી માટે એક માન્યતા એવી છે કે —શ્રી રામચંદ્રભગવાન રાવણને હરાવી સીતાજીને લઈ લંકાથી અયોધ્યા આવ્યા ત્યારે તે દિવસને માંગલિક ગણી જનતાએ ઉત્સાહથી અને ઉમંગથી ઉજવ્યો હતો અને રાત્રે દીપમાલા પ્રગટાવી હતી તે દિવસ એટલે દિવાળીનો દિવસ,

દિવાળીના દિવસની એક બીજી પણ કથા પ્રચલિત છે—નરકાસુર નામનો પ્રાગ્જ્યોતિષ એટલે કે ભૂતાનનો રાજા હતો. પ્રજા પર ઘણો જુલમ વરસાવતો હતો. શ્રીકૃષ્ણે આ ભયંકર સ્થિતિમાંથી પ્રજાને ઉગારી લેવા સત્યભામાના હાથે તેનો વધ કરાવ્યો. તે દિવસને લોકો નરક ચતુર્દશી પણ કહે છે અને ત્યારથી પ્રજા કલ્યાણની દીપમાળા પ્રગટી અને નવું વર્ષ મંગળમય શરૂ થયું.

દિવાળી સાથે પરદુઃખભંજન રાજા વિક્રમના જીવનનો પણ પ્રસંગ સંકળાયેલોછે —ગરીબ પ્રજા શાહુકારોના દેવા નીચે ખૂબ કચડ યેલી હતી. શાહુકારો એ જમીનો આંચકી લીધેલી. ખેડુતો શાહુકારોના ચક્રવૃદ્ધિ વ્યાજમાં ખૂબ મુંઝાયા. વ્યાજમાંને વ્યાજમાં પ્રજા ઋણ મુકત થઇ શકતી નહતી. આવી પરિસ્થિતિમાં મહારાજા વિક્રમે દિવાળીને દિવસે જનતાનું તમામ દેવું ચુકવ્યું પ્રજાને ઋણ મુકત બનાવી શાહુકારોના જૂના ચોપડા લઈ લીધા અને

શાહુકારોએ નવા વર્ષને દિવસે નવા ચોપડા શરૂ કર્યા નવો સંવત્ દોરાયો. જે આજે વિક્રમ સંવત્ ચાલી રહ્યો છે અને ત્યારથી દિવાળીને દિવસે ખાતાં ચોખ્ખાં કરી નવા વર્ષે નવા ચોપડા લખવાનો રિવાજ શરૂ થયો. પણ આજે ક્રમ ઉલટો છે. દેવાદારોને દિવાળીનો દિવસ એટલે પેટમાં તેલ રેડાવાનો દિવસ–મહા ઉપાધિનો દિવસ ગણાય છે. દેવું ચુકવનાર કોઈ નથી અને નવા ચોપડા શરૂ કરી મંગલ મનાવવાની ઇચ્છા રાખે તે મંગળ કયાંથી બને? એકાદ કરજદારનું કરજ પણ ઓછું કરે અગર માર્ગ સરળ કરી આપે તો પણ મંગલ થાય. આવું કંઈક મંગલ બનાવીએ તો સારૂં.

દિવાળીના દિવસોમાં લોકો ઘરને વિધવિધ રંગોથી રંગે છે. પણ આત્માના ઘર રૂપ હૃદયને કેટલા રંગે છે? મૈત્રી પ્રમોદ, કરુણા ઇત્યાદિ રંગોથી હૃદયને રંગવું જોઈએ.

દિવાળીમાં મિષ્ટાન્ન ખાવા છતાં જીભને મીઠી બનાવનારા કેટલા! તે દિવસોમાં એક પણ કડવું વચન ન નીકળે તેની સાવધાની રાખવી જોઇએ.

સમસ્ત વિશ્વ પ્રકાશનું ઉપાસક છે.— હિંદુઓ સૂર્યપૂજા, ઇસ્લામીઓ ચાંદતારાની પૂજા, પારસીઓ ઘરમાં અખંડ અગ્નિ રાખી તેની પૂજા, ઉપનિષદ્‌ની "તમસોમાં જયોતિર્ગમય" એ પ્રાર્થના–એમ બધે પ્રકાશની ઉપાસના સ્પષ્ટ જણાય છે.

પૂજાપાઠ કરતી વખતે લોકો દીપક પ્રગટાવે છે તે પણ પ્રકાશની જ ઉપાસનાનું એક પ્રતિક છે. દિવાળીનું પર્વ પણ પ્રકાશની ઉપાસનાનું છે.

અજ્ઞાન, અન્યાય, અત્યાચાર, અસમાનતા, અસહિષ્ણુતા વિગેરે અંધકારનાં જ જુદા જુદા સ્વરૂપો છે, આ સર્વ અંધારા સામે ક્રાન્તિ જગાવી નવા વર્ષે નવો પ્રકાશ મેળવવાનો છે.

વીતી ગયેલા અને નવા આવતા વર્ષને દિવસે સમસ્ત દુનિયાના અંધકારનો નાશ કદાચ ન કરી શકાય તો પણ પોતાના લઘુ જીવનમાં અંધકારને ઓછો કરવાનો શુભ નિર્ણય તો દરેક વ્યક્તિ જરૂર કરી શકે છે. પોતાના નાના જીવનમાં સચ્ચાઇ, ઉદારતા, વાત્સલ્ય સહિષ્ણુતા, ક્ષમાશીલતા વિગેરેનો વ્યવહાર મનુષ્યે નવા વર્ષના દિવસથી શરૂ કરી દેવો જ જોઇએ.

મહાવીર નિર્વાણના પરમ પવિત્ર દિવસે તેમના સિદ્ધાંતોને યાદ કરી જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ!

✱

—: પ્રજ્ઞવંતા લેખક મહાશયને વિનંતિ :—

લેખ વધારેમાં વધારે ફુલસ્કેપ છ પેજમાં સુવાચ્ય અને સ્વચ્છ કાગળની એક બાજુ લખી મોકલવો.

લેખ ઉપદેશ–ટુંક કથા રૂપ હોવો જરૂરી છે લેખ પાછો મોકલવામાં આવશે નહી. લેખ અન્ય પત્રોમાં છપાઈ ગયો હશે તે લેવામાં આવશે નહી.

**વાઇ તથા હીસ્ટીરીયા માટે**

વાઈ તથા હીસ્ટીરીયા જેવા હઠીલા રોગો ઉપર ચમત્કારીક રીતે ફાયદા કારક દવા ફકત સાધુ તથા સાધ્વીજી મ૦ સાહેબોને જરૂર હોય તેઓએ નામ સંઘ કે શ્રાવક દ્વારા પોસ્ટેજ ૬૫ (પાંસઠ) નયા પૈસા સ્ટેમ્પ મોકલી નીચેના સરનામેથી મંગાવવી–

શ્રી. રસિકલાલ મફતલાલ શાહ.
ઠે. પંપવાળો માઢ (જી. બનાસકાંઠા)
મુ. માલણ

# દેવનારના કતલખાનાનો મહારાષ્ટ્ર અને ગુજરાતભરમાં ગામેગામનો પ્રચંડ વિરોધ

**અમદાવાદ**—દેવનાર કતલખાના નિષેધક સમિતિના ઉપક્રમે શ્રી રાજનગરના આંગણે કતલખાનાનો વિરોધ કરતું એક જંગી સરઘસ નીકળ્યું હતું અને તે સરઘસ રતનપોળ રીલીફરોડ વિ. મુખ્ય રસ્તાઓમાં ફરીને માણેકચોક જૈન વીશાશ્રીમાળીની વાડીમાં સભાના આકારમાં ફેરવાઈ ગયું હતું.

સરઘસમાં મોખરે શ્રી. શંભુમહારાજ શ્રી. પનાભાઈ શેઠ વિગેરે નગરના ઘણા નાગરિકો હજારોની સંખ્યામાં નજરે પડતા હતા.

સભા ડહેલાના ઉપાશ્રયમાં બિરાજતા આચાર્ય-દેવ શ્રીમદ્વિજય રામસૂરિજી મ. સ. ના નેતૃત્વમાં શરૂ થતાં. પૂ. આચાર્ય દેવશ્રીએ મંગલાચરણ કર્યું હતું.

દવાવાળા શ્રી. ચંદુલાલભાઈ પ્રેમચંદભાઇ, પૂ. આચાર્યશ્રીમદ્ રામસૂરીશ્વરજી મ. શ્રી પૂ. આ. શ્રીમદ્વિજય વિકાશચંદ્રસૂરિજી પ્ર. વક્તા પં. ચંદ્રોદયવિજયજી ગણિ તથા પ્ર. વક્તા મ. શ્રી. ચંદ્રોદયસાગરજી મ. તથા સ્થ.૦ શ્રી. મહારાજ તથા શ્રી શંભુ મહારાજ તથા મંડલેશ્વર સ્વામિનારાયણ વિગેરે સંપ્રદાયના કતલખાનાનો સખ્ત વિરોધ કરતાં સંતોનાં પ્રવચનો થયાં હતાં.

પૂજ્યપાદ પ્રશાન્તમૂર્તિ શાસન પ્રભાવક આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામસૂરીશ્વરજી મ. સા. (ડહેલાવાળા) એ જણાવ્યું હતું જે મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન વધારે ધર્મભાવનાશિલ, ત્રણે રાજ્યોએ એક થઇને આ ઘોર કતલખાનાને અટકાવવું જોઈએ. ભારત એ તો અહિંસક આર્ય સંસ્કૃતિનો જગતભરમાં પરિમલ પ્રસરાવતો નવપલ્લવિત બગીચો છે. તેમાં અનાર્ય સંસ્કૃતિના હુંડીયામણની લાલસાથી હિંસક બીજને રોપાય જ નહીં માટે અટલા પૂરતો વિરોધ દર્શાવી બેસી નહીં રહેતા. સમય આવે પ્રાણ પણ આપવા પડે તો પણ તૈયાર રહેવા હાકલ કરી હતી. સરકારે ધન કરતા ધર્મ તરફ વધુ મહત્તા આપવાની જરૂર છે. તો જ દેશ આબાદ અને સુખ શાન્તિ ગૌરવતાને પામી શકશે. અને દુનીયાભરના રાષ્ટ્રોમાં મુકુટમણિ સમાન બની રહેશે.

શ્રી. શંભુમહારાજશ્રીએ જનતાનાં હૃદયમાં કતલખાનાના વિરોધ અંગેના પ્રવચનની ઉંડી અસર ઉપજાવી હતી, અને અમે તો બોલીને ઉપદેશ આપીએ છીએ પણ આ જૈન મુનિરાજો તો પોતાના આચરણથી ઉપદેશ આપે છે તે વાતનો ખાસ ઉલ્લેખ કરીને આશીર્વાદ ચાહ્યો હતો.

આ સરઘસ સભા વિ. વિરોધને અંગેનાં કાર્યોમાં શેઠશ્રી પનાલાલ ઉમાભાઈ હવેલીવાળાએ અથાગ પરિશ્રમ ઉઠાવ્યો હતો.

(સરકાર પ્રજાના અવાજને બરાબર સમજે તેમજ કતલખાનાની યોજના પડતી મૂકે તેમાંજ દેશનું હિત છે.)

**નરોડા**—પૂ. લાવણ્યવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં દેવનાર કતલખાનાનો વિરોધ અંગે જાહેર પ્રવચન થયું હતું તેમાં ઠરાવો, તેમજ તે દિવસે શ્રી. શારદાબેન

ભલાભાઈ તરફથી સામુદાયિક આયંબિલ થયા હતા, આખાય બજારમાં સખ્ત હડતાલ પડી હતી.

## અહિંસા એ ભારતની મહાન સંસ્કૃતિ છે. તેને બચાવો.

દેવનારમાં થનારા કતલખાના સંબંધી આંતરરાષ્ટ્રિય વ્યાપાર ખાતાના પ્રધાનશ્રી મનુભાઈ શાહના મંતવ્યો અમદાવાદથી પ્રસિદ્ધ થતા "સંદેશ" નામના દૈનિક પત્રના તા. ૨૩-૯-૬૨ના અંકમાં પ્રગટ થયા છે. તેમાંનો એક ફકરો નીચે મુજબ છે.

(પી. ટી. આઇ) જામનગર તા. ૨૨

"અત્રે યુવક કેંગ્રેસના કાર્યકરોને સંબોધતાં તેમણે (શ્રી. મનુભાઈ શાહે) કહ્યું હતું કે મહારાષ્ટ્ર રાજ્યના દેવનાર ખાતે થનારા સુચિત કતલખાના અંગે ગુજરાતના લોકોએ સખત વિરોધ દર્શાવ્યો છે. આ કતલખાનાની સ્થાપના સામે તેમને અને શ્રી. મોરારજીભાઈને ૧૫ થી ૧૬ હજાર તાર મળ્યા છે.

**તેમણે કહ્યું હતું કે, મહારાષ્ટ્રના લોકોએ તે અંગે વિરોધ કે અસંતોષ વ્યકત કર્યો નથી. જ્યારે ગુજરાતના લોકોએ તેમની બાબતમાં દરમ્યાનગિરિ કરી હોવાથી તેમને ખેદ થયો છે."**

મહારાષ્ટ્રના લોકોએ દેવનારના કતલખાના અંગે વિરોધ કે અસંતોષ વ્યક્ત કર્યો નથી એવું શ્રી. મનુભાઈ શાહનું ઉપરનું મંતવ્ય સત્યથી તદ્દન વેગળું છે અને મહારાષ્ટ્રની પ્રજાને અન્યાય કરનારૂં છે. કારણ કે મહારાષ્ટ્રની પ્રજાએ દેવનારના કતલખાનાનો વિરોધ કર્યો છે, તે એક જગજાહેર અને નક્કર હકીકત રૂપ છે.

પંજાબ, બંગાળ અને મદ્રાસ પ્રાંતમાં જે કતલખાનું સ્થાપિત થઈ શક્યું નથી, તે કતલખાનું ગૌબ્રાહ્મણ પ્રતિપાળ છત્રપતિ શિવાજી અને અનેક સંતોની જે જન્મભૂમિ ગણાય છે, તે મહારાષ્ટ્રની પુણ્યભૂમિમાં (જેમાં પ્રતિદિન છ હજારથી પણ વધુ ગાયો, ભેંસો, બળદ, બકરાં, ઘેટાં, ડુક્કર વિગેરે જીવોની કતલ થાય તેવું કતલખાનું) કદિપણ કરી શકાશે નહિ.

મહારાષ્ટ્રની પ્રજાએ આ કતલખાનાનો હજીપણ વધુમાં વધુ વિરોધ નોંધાવી સરકારને એ સાબીત કરી આપવું જોઈએ કે દેવનારમાં થનારા કતલખાનાના અમો સખતમાં સખત વિરોધી છીએ.

શહેરે શહેરે, ગામડે ગામડે, અને ઘેરે ઘેર ફરી આ કતલખાનાનો સખત વિરોધ નોંધાવી સરકારને મોકલાવો અને નિર્દોષ મુંગા પશુઓના અનંત આશીર્વાદ મેળવો.

લી. શાહ નટવરલાલ પરસોતમદાસ
કોલ્હાપુર, મહારાષ્ટ્ર

★

## ખંભાત શ્રી. સ્તંભન તીર્થ તપાગચ્છ જૈન સંઘનો વિરોધ

શ્રી. લાડવાડાના જૈન ઉપાશ્રયે તા. ૪ ના રોજ સવારે ૧૦ વાગે પૂ. શાસન કંટકોદ્ધારક ગણીવર્યશ્રી. હંસસાગરજી મ. સા. ની અધ્યક્ષતામાં દેવનાર ખાતે થનાર ઘોર કતલખાનાનો સજ્જડ વિરોધ અંગે એકત્ર

થયેલ જંગી સભામાં પૂ. મહારાજશ્રી. તથા "બુદ્ધિપ્રભા"ના તંત્રીવર્ય પં. શ્રી. છબીલદાસભાઈ વિ. વક્તાઓના કારમી કતલખાનાનો કરૂણ અહેવાલ સાથે રોમાંચક વક્તવ્યો રજુ કરતાં શ્રોતાઓનાં દીલકંપી ઉઠ્યા હતા. અને અહિંસા ધર્મપ્રેમીઓના નેત્રોમાંથી અશ્રુઓ સરી પડતા હતા અને સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ પસાર કરવા સાથે જોરદાર પ્રતીકાર કરીને વ્યાપક આંદોલનની જરૂર સ્વીકારી હતી. અને તે ઠરાવને ઉચીત સ્થાને મોકલી આપવાનું ઠરાવેલ.

—: ઠરાવ :—

અહિંસાને પરમ ધર્મ માનનાર ભારતવર્ષની સમસ્ત પ્રજાને અસહ્ય આઘાત પહોંચાડનારી દેવનાર ખાતે જંગી કતલખાનું સ્થાપવાની સરકારની વિચારણા પ્રત્યે આજની આ સભા ઘૃણા વરસાવે છે. અમાનુષી અને નિર્દયતા ભર્યું કૃત્ય અહીંસાના મુખ્ય સિદ્ધાંતો ઉપર રચાયેલી ભારતીય સંસ્કૃતિ અને પ્રણાલિકા વિરૂદ્ધ હોવાથી તે નિષ્કરૂણ કાર્યને આજની શ્રી ચતુર્વિધ જૈન સંઘની સભા સર્વાનુમતે સખ્ત વખોડી કાઢે છે. તેમ જ મધ્યસ્થ સરકાર, મહારાષ્ટ્ર સરકાર, અને બોમ્બે કોરપોરેશનને નમ્રતાપૂર્વક વીનંતી કરે છે કે નીરપરાધી–નીરાધાર અને મુંગા પ્રાણીઓની રોજની હજારોની સંખ્યામાં કચ્ચરઘાણ કાઢી નાખનારી હિંસક, રાક્ષસી દેવનાર કતલખાનાની ભયંકર યોજનાને સત્વરે અટકાવો. અહિંસાપ્રેમી જીવદયાના આદર્શવાળા ભારત વર્ષની પ્રજાની વ્યાપક લાગણીની ઉપેક્ષા નહીં કરવાની અમારી આ વિરોધસભા સરકારને નમ્ર અપીલ કરે છે.

પ્રમુખ:—શેઠશ્રી. હીરાલાલ પરસોતમદાસ આદિ સકળ સંઘની સહીઓ.

રવાના:—સેક્રેટરી શ્રી શાન્તિલાલ અંબાલાલ શાહ.

## મહુવા-ભારતીયસંસ્કૃતિના ઉજ્જવલ વારસાને કલંકીત કરવાનો આપણી સરકારને કોઇ અધીકાર નથી.

પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયોદયસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં દેવનારના રાક્ષસી કતલખાનાનો વિરોધ કરવા જંગી જાહેરસભા મળેલ હતી.

પ્રારંભમાં પ. પૂ. આચાર્યદેવશ્રીએ તેઓની જોશીલી શૈલીમાં પ્રવચન આપતાં જણાવેલ કે પ્રજાના મતથી ચુંટાયેલ સરકારે પ્રજા કલ્યાણની યોજનાઓ ઘડવી જોઇએ. આ પવિત્ર આર્યવૃત્તની મંગલભૂમિમાં આપણી કરૂણા વૃત્તિનો ધ્વંસ થતો અટકાવવો. તે પ્રત્યેક પ્રાણી નાગરીકોનું, મહામુલુ કર્તવ્ય છે. માટે આ ભયંકર કલંકિત અને કારમી કતલખાનાની યોજના પડતી મુકી આપણી સંસ્કૃતિ અને ધાર્મિકતાના ઉજ્જવલ વારસા સામે હસ્તક્ષેપ નહીં કરવાના આજના સત્તાધીશોને આગ્રહ કર્યો હતો.

શ્રી. ગારીયાધારના નવયુવાન રચનાત્મક કાર્યકર શ્રી પ્રકાશ જૈન ગારીયાધારે વિશાળ અહિંસક સમાજની જાહેરસભાને સંબોધતા જણાવેલ કે વિશ્વના પ્લેટફોર્મ ઉપર ભારત આજે જે ગૌરવવન્તુ સ્થાન ભોગવે છે. તે મોટા બંધો, ગગન ચુંબી દિવાલો (મહેલો) વિશાળ વસ્તી કે પંચવર્ષિય યોજનાઓના કારણે નહીં પણ જગત ભરના રાષ્ટ્રોના મુગુટમણિ

ભારતદેશ માટે ધર્મપ્રધાન અહિંસાની મહામુલી આગવી જે સંસ્કૃતિ છે કે જે સંસ્કૃતિના ધાવણ (સ્તનપાન ) જગતના મહાન વંદનીય વિભુતીઓએ પીધાં છે ત્યાગ, સદાચાર, સંયમ, અને અહિંસાના મંગળપાયા ઉપર રચાયેલ આપણી સંસ્કૃતિના ઉજ્જવલ વારસાનું આજે આપણી સરકાર દ્વારા શોષણ થઈ રહ્યું છે. રક્ષક માટે પ્રજાએ સત્તાના સિંહાસન ઉપર આરૂઢ કરેલ સત્તાધીશો ભક્ષક બન્યા છે. તે ઓછા દુર્ભાગ્યની વાત નથી. માટે લોકમત જાગ્રત થઇ આપણી અંદરની વૃત્તિઓને જગાડી આપણે આપણી સ્વતંત્રતા નહીં બલ્કે આપણી અમર સંસ્કૃતિને ટકાવવા મેદાને પડવાનો સમય આવી પહોંચ્યો છે. તેમ સંગઠન સાધવાનો અનુરોધ કરેલ. વધુમાં જણાવેલ કે જગતભરમાં આ એક જ પુણ્ય ભૂમિ છે કે જેમાંથી અહિંસા સંયમ મૂર્તિ શ્રમણભગવાન શ્રી મહાવીરસ્વામી, શ્રીમતબુદ્ધ દેવ, કર્મયોગી શ્રી કૃષ્ણ, મર્યાદાપુરૂષોત્તમ શ્રી. રામચંદ્રજી. જેવા વિશિષ્ટ કોટીના વિરલ વિભૂતીઓ પાકયા છે. તેવી. વંદનીય જ્યોતિર્ધરોના પાદસ્પર્શથી પાવન થએલ ભુમિને કલંકીત થતી અટકાવવા. સૌને અનુરોધ કરેલ.

શ્રી. મહમદઅલી રવજાણી માસ્તરે સરકારની આ યોજનાનો સંગઠીત રીતે વિરોધ કરવા અને એ અંગે સહી, આંદોલન, ઠરાવો કરી ભારત સરકારને મોકલી આપવા અનુરોધ કરેલ.

સભાના અંતમાં પ્રમુખ સ્થાનેથી કતલખાનાની યોજના પડતી મુકવા. અનેક દુભાતી લોક લાગણી ને વાચા આપવા તથા આઅંગે ઝુંબેશ ઉઠાવનાર મુંબઇની શ્રી. જીવદયા મંડળીને અભિનંદન આપતાં બે ઠરાવ પસાર કરેલ.

### ઠરાવ

કોઈપણ કતલખાનાની યોજનાથી જનતાની ધાર્મિક લાગણીની ભાવના ને આઘાત પહોંચાડવાથી જનતામાં ભારે અસંતોષ અને વ્યાકુળતા ફેલાય તે દેખાતું છે. તેથી આ સભા કેન્દ્રીય સરકારને તથા મહારાષ્ટ્ર સરકારને અને મુંબઈ મ્યુનીસીપલ કોરપોરેશનને આગ્રહ કરે છે.

(૧) મુંબઈ ખાતે દેવનાર કતલખાનાની તથા અન્ય હિંસક યોજનાઓ ત્વરીત બંધ કરે.

(૨) મહારાષ્ટ્ર સરકાર મુંબઈ મ્યુનીસીપલ કોરપોરેશનને કતલખાનાની યોજના અંગે કોઈ પણ આગળ પગલાં ન લેવાનો અનુરોધ કરે.

(૩) પ્રજાના મતથી ચુંટાયેલ કોરપોરેટરો અને ધારાસભાના સભ્યો કતલખાનાની યોજના બંધ થાય તેવા વિધાનીક પ્રયત્નો કરે.

**ભાભર.** તા. ૨૦-૯-૬૨ના. રોજ શ્રી. ડીસા, દેવનાર-કતલખાના નિષેધકમંડળના આશ્રયે ભાભર મુકામે એક જાહેર સભા યોજવામાં આવી હતી. તેમાં અમારા મંડળના. પ્રચારકો પૈકી. ભાઈ શ્રી નટવરલાલ. પી. શાહ. નાનાલાલ. એમ. દોશી, અને શ્રી. રજનીકાન્ત એમ. શાહે દેવનાર કતલખાનાના વિરોધમાં જોરદાર પ્રવચનો કર્યા હતા. અને તા. ૪થી ઓકટોબર ને વિશ્વપ્રાણીદીન તરીકે ઉજવવા અને આ દિવસે પ્રતિક હડતાલ પાડવા સુચન કર્યું હતું.

# શાસન સમાચાર

**અમદાવાદ**—પૂજ્યપાદ્ પ્રશાન્ત મૂર્તિ શાસન પ્રભાવક આચાર્ય ભગવંત શ્રી. વિજય-રામસૂરીશ્વરજી મ. સા. (ડહેલાવાળા) ના સાનિધ્યતાએ : ડહેલાના ઉપાશ્રયે પૂજ્યપાદ્ પ્રશાન્તમૂર્તિ. તપોનિધિ. સ્વ. પં. શ્રી. રવિવિજયજી મ. સા. ના શિષ્યરત્ન પરમ-તપોનિધિ. મુનિરાજશ્રી. વિશાળવિજયજી. મ. શ્રી. ના. પચાસ ઉપવાસની મહાન તપસ્યા નિમિત્તે અષ્ટોતરી સ્નાત્રયુક્ત અષ્ટાન્હિકા-મહોત્સવ તેમજ શ્રી. નંદીશ્વરદ્વિપની પૂજા રચના સાથે થવા પામેલ છે.

**અમદાવાદ નં. ૭** પૂજ્યપાદ્ પ્રશાન્ત મૂર્તિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમ-સૂરીશ્વરજી. મ. સા. (વિજયભક્તિસૂરિજી સમુદાયના) આદિ. ઠાણાઓ જૈન મર્ચંટ સોસાયટીના ઉપાશ્રયે બિરાજમાન વર્તે છે શ્રી. અરૂણ સોસાયટી. વિ. આસપાસ સોસા-યટીના આગેવાનો. પર્યુષણાપર્વારાધના કરાવવા માટે પૂ. આચાર્યભગવંત શ્રીને વિનંતી કરતાં વિદ્વદ્વર્ય. મુનિરાજપ્રવર શ્રી. પદ્મવિજ-યજી. આદિ ઠાણાને આજ્ઞા આપતાં સંઘમાં ઉત્સાહ વ્યાપી રહ્યો હતો. અને પૂ. આચાર્ય ભંગવંતશ્રીનો પરિવાર સાથે શ્રાવણ વદિ-૧૧ ના રોજ સામૈયાસત્કાર પૂર્વક પ્રવેશ કરાવેલ પૂ. આચાર્યશ્રી એ મંગળાચરણ કર્યા બાદ. ઉપાશ્રય નિમીત્તે ઉપદેશ આપતાં તે સમયે રૂા. સત્તર હજારની રકમ ભરાઈ જવા પામેલ. ત્યારબાદ પર્યુષણાના વ્યાખ્યાનમાં

---

અંતમાં આ સભાએ અને ભાભર ગામ-પંચાયતે દેવનાર કતલખાના ના વિરોધમાં ઠરાવ પસાર કર્યો હતો.

**થરાદ**—દેવનારનું નામ પડતાં જ અહિંની પ્રજા.. કકળી ઉઠી છે અને તેના વિરોધમાં અહિંની પ્રજાએ જંગી જાહેરસભા. યોજી હતી અને તેમાં અહિંના વકીલ શ્રી મફતલાલ સંઘવી અને બનાસકાંઠાના. ગામડે ગામડે પ્રચાર અર્થે ફરતા. દેવનાર નિષેધક મંડળ ના પ્રચારકો શ્રીયુત શ્રી નટવરભાઈ પી. શાહ અને નાનાલાલ એમ દોશી, એ જોરદાર પ્રવચન કર્યા હતા. તેમાં જનતાને અહિંસા ના રક્ષણ. અર્થે અને મુંગા પ્રાણીઓના બચાવ માટે દેવનાર કતલખાનાનો સખ્ત વિરોધ કરાવવા સુચવ્યું હતું. અંતમાં આ સભા એ દેવનાર કતલખાનાનો વિરોધ કરતો ઠરાવ પસાર કર્યો હતો.

આ ઉપરાંત અત્રેથી થોડેક દૂર આવેલ વાવ ગામમાં પણ આ મંડળે સભા યોજી હતી. અને તે સભામાં "વાવ"ના સુવાન વકીલ. શ્રી રમણભાઈ દોશી. એ તથા નટવરભાઈ શાહે જોરદાર પ્રવચન કર્યા હતા. અને જ્યાં સુધી આ. કતલખાનું બંધ ન રહે ત્યાં સુધી સુખે ન સુવાનું અને દરેક અહિંસા પ્રેમી માનવ ને એક વસ્તુનો ત્યાગ કરવા માટે, હાકલ કરી હતી.

**શ્રી દલછાચંદ શાહ**

મુનિરાજશ્રી પદ્મવિજયજી. મ. સા. ની પ્રેરણા–ઉપદેશથી. ચાલીશ હજાર ઉપરાંત રકમો ભરપાઇ જવા પામેલ છે. તે સિવાય સ્વપ્નાદિ દરેક ખાતામાં સારી ઉપજ થવા સાથે સુંદર આરાધના થવા પામેલ છે તથા શ્રી ખુશાલભુવનના આગેવાનોની વિનંતીથી વ્યા. વિ. વ્યા. વા. સા. વિદ્વદ્વર્ય મુનિરાજ પ્રવરશ્રી. પુર્ણાનંદવિજયજી આદિ ઠાણાઓ તથા. શ્રી થરાદસંઘના આગેવાનોની વિનંતીથી. વિદ્વદ્વર્ય મુનિપ્રવર શ્રી લબ્ધિવિજયજી મ. વિ.ને વર્ધમાન આયંબિલ ખાતાના ઉપાશ્રયે મોકલતાં સારી રાતે આરાધના થવા પામેલ છે.

વિજાપુરઃ—પૂજ્યપાદ પ્રસિદ્ધવક્તા શાસ્ત્રવિશારદ કવિરત્ન આચાર્ય પ્રખર શ્રીમદ્ અજીતસાગરસૂરીશ્વરજી. મ. સા. ની ૩૪મી. સ્વર્ગારોહણ તિથી આસો સુદી ૩ ના રોજ જૈન વિદ્યાશાળામાં પ્રસિદ્ધ વક્તા પ્રશાન્તમુનિરાજ પ્રખર શ્રી ઈન્દ્રસાગરજી મ. ની સાનિધ્યમા ઉજવવામાં આવી હતી. અને તા. ૪ના દેવનાર કતલખાનાના વિરોધમાં સખત હડતાલ પાડી જાહેરસભા યોજવામાં આવી હતી.

પૂ. મુનિરાજશ્રીનાં સતત પ્રેરણાત્મક ઉપદેશથી વીજાપુર મુકામે જૈન ભોજનશાળાની ખાસ આવશકયતા હોવાથી સ્થાપના કરાવવા માટેના સફળતાભર્યા પ્રયાસો ગતિમાન થઈ રહેલ છે. જે અતિ અનુમોદનિય. આભારી. અને ધન્યવાદ પાત્ર છે.

## ધાર્મિક શિક્ષકનો વિદાય સમારંભ

મહેસાણાઃ—અત્રેની શ્રી રવિસાગર જૈન પાઠશાળાના ધા. શિક્ષક શ્રી અમૃતલાલ શિવલાલ શાહ શિવગંજમાં વર્ધમાન જૈન વિદ્યાલયના પાઠ્યાપક તરીકે જતા હોવાથી તેમને વિદાય આપવાનો એક સમારંભ તા. ૨૨–૭–૬૨ના રોજ શેઠ કેશવલાલ લલ્લુભાઈ પટવાના પ્રમુખસ્થાને યોજવામાં આવેલ હતો. તેમાં મંગળાચરણ બાદ સર્વશ્રી શામજીભાઈ ચંપકલાલ હરડે અને પરીક્ષક વાડીભાઈ વિ. વકતાઓએ તેઓ પ્રત્યે શુભેચ્છા દર્શાવી હતી. પ્રત્યુતરમાં શ્રી અમૃતભાઈએ સત્કાર બદલ આભાર માની આ પાઠશાળાનો આથી પણ વધુ વિકાસ થાય તેમ ઇચ્છયું હતું. અંતમાં હારતોરા અને કેળાની લહાણી બાદ સમારંભ પૂરો થયો હતો. સમારંભમાં હાજરી આપનાર ધર્મ પ્રેમી શેઠશ્રી ચંપકલાલ ભોગી-

## ધન્યવાદ ને અભિનંદન

અમદાવાદ—પૂજ્યપાદ મુનિરાજ પ્રવર શ્રી સુરેન્દ્રસાગરજી મ. સા. ની આંખે વેલનું ઓપરેશન ફીઝીશીયન નિષ્ણાત સેવાભાવી ડૉ. નટવરલાલ અ. મહેતાએ ઘણીજ. ભક્તિ ભાવનાથી સફળતાપૂર્વક કરેલ છે. સાધુ–સાધ્વીશ્રીઓ પ્રત્યેની તેઓની ભક્તિભાવનાશિલ સેવાઓ ખુબ જ ધન્યવાદ પ્રશંસનિય અને અનુમોદના પાત્ર છે. અને અપૂર્વ લાભ મેળવી રહેલ છે.

## ડૉ. મહેતાની આંખની હોસ્પીટલ

| | |
|---|---|
| કાળુપુર-ટંકશાળનાનાકે, અમદાવાદ | કનસડા દરવાજા પાટણ, ( ઉ. ગુ. ) |
| મળવાનો ટાઇમ | મળવાનો ટાઇમ |
| ગુરૂ, શુક્ર, શની, સવારે ૯ થી ૧ સાંજે ૫ થી ૮ | સોમ, મંગળ, બુધ. બુધવારે ૯ થી ૧ સુધી જ. |

લાલ બબલદાસે રૂ. ૪૦૦૦) પાઠશાળાને આપવાની જાહેરાત કરતાં આનંદની લાગણી ફેલાઈ હતી. સંસ્થા તેમનો જાહેર આભાર માને છે.

❋

**જામનગર જૈન પાઠશાળા**—પૂ. પં ભુવનવિજયજી ગણિવર્યના સાન્નિધ્યમાં અષાડ વદિ છઠે દાદાશ્રીજીતવિજયજી મ. શ્રીની ૩૮ મી સ્વર્ગારોહણ તીથિની ઉજવણી નિમિત્તે પૂ. પંન્યાસજી તથા મુ. શ્રી. કલાપૂર્ણવિજયજીનાં પ્રેરક પ્રવચનો થયાં હતાં. પૂજા પ્રભાવના આયંબિલ વિગેરે થયાં હતાં.

**મહેમદપુરઃ**—પૂજ્યપાદ પ્રશાન્તમૂર્તિ મુનિરાજપ્રવર શ્રી. મેરૂવિજયજી મ. સા. તથા. મુનિરાજશ્રી પ્રેમવિજયજી મ. સા. ની સાનિધ્યમાં શ્રી ઓળી પર્વાશધના દરરોજ સ્નાત્રપૂજા તથા નવપદપૂજા ઘણા ઠાઠમાઠથી ભણાવવા સાથે થવા પામી હતી. પાઠશાળાના શિક્ષિકા શ્રી જસુમતિબેનની પ્રેરણાથી તથા શ્રી. ભોગીલાલ છોટાલાલ તરફથી પ્રભાવનાઓ થવા પામેલ. તેમજ પર્યુષણા પર્વારાધના નિમિત્તે જળયાત્રાનો વરઘોડો વાજતે ગાજતે કાઢવામાં આવેલ હતો તેમજ દેવનાર કતલખાનાનો સખ્ત વિરોધ માટે હડતાલ પાડવામાં આવેલ અને આયંબીલોની તપારાધના સારી સંખ્યામાં થવા પામેલ.

**કોલવડાઃ**—સ્વ. પરમ પ્રભાવક વિદૂષીવર્ય સાધ્વીશ્રીજી અમૃતશ્રીજી. મ. ના વિદ્વદ્વર્ય શિષ્યા સાધ્વીશ્રીજી મંજુલાશ્રીજી. આદિઠાણાઓની નિશ્રામાં નાના ગામમાં પર્વારાધનાઓ ઘણી જ સારી રીતે ધર્મજાગૃતિથી થવા પામેલ છે. ૯–૧, ૮–૧, ૯–૨, ૪–૮, આદિ છઠ્ઠ–અઠ્ઠમોની તપસ્યા થઈ છે. પારણું રૂા. ૨૦૧) માં શ્રી મંગળદાસ ખેમચંદભાઈ એ લીધેલ, જળયાત્રાનો વરઘોડો. નોકારશી. સત્તરભેદી પૂજાદિપ્રભાવનાઓ રાત્રીજાગરણ આંગીપૂજાઓ આઠે દીવસ થવા પામેલ. મુંબઈથી. શ્રી બાબુલાલ મંગળદાસ તથા શ્રી. સેવંતીલાલ પોપટલાલ તથા શ્રી નાથાલાલ રીખવદાસ. તથા શ્રી સંતોકબેન વિ. આવેલ હતા. અને શાસનની પ્રભાવના કરવામાં ઉત્સાહ પૂર્વક સારો લાભ લીધો હતો.

**શાસ્ત્રવિશારદ**–કવિરત્ન પ્રસિદ્ધ વક્તા આચાર્ય પ્રવર શ્રીમદ્ અજીત સાગરસૂરીશ્વરજી મ. સા. ની જયંતિ. આસો સુદી ૩ના રોજ સવારે બાળાઓના ડેન્સ ગરબા સંવાદ સાથે ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવેલ હતી. અને બાળાઓને શેઠ શ્રી બાબુભાઈ શ્રી મંગલદાસભાઈ શ્રી. નાથાલાલભાઈ શ્રી. મફતલાલભાઈ વિ. તરફથી ઈનામો વહેંચવામાં આવેલ હતાં. બાદ વિદ્વદ્વર્ય સાધ્વીશ્રી મંજુલાશ્રીજીએ સૂરીશ્વરજીની જીવનરેખા વિષે મનનીય પ્રવચન આપેલ હતું તેમજ ઓળી પર્વમાં શ્રી સિદ્ધચક્ર નવપદની આરાધના સારી રીતે થવા પામી હતી. અને આસો સુદી ૧૦ થી શ્રી પંચ કલ્યાણક મહોત્સવ કરવામા આવેલ હતો.

---

**અમારા નુતન માનદ્ પ્રચારક**

**ઝવેરી બાબુલાલ સુંદરલાલ શાહ**

કુંભાસણવાળા.

૨/નવરોજી હોલ રોડ. ૨ કાચવાળા બીલ્ડીંગ

—બ્લોક–૧૮ મુંબઈ–૯

# સાભાર સ્વીકાર

પૂજ્યપાદ્ પ્રશાન્તમૂર્તિ આચાર્યપ્રવર શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા. ના. સાનિધ્યનાએ સદુપદેશથી. **પાલણપુર**

૧૦૧) શ્રી મણીલાલ હીરાલાલ
૧૦૧) ,, સુરેશચન્દ્ર પન્નાલાલ.
૫૧) ,, ચુનીલાલ ઉજમશીભાઈ.
૨૫) ,, પુરણમલ ચંદુલાલ.
૨૫) ,, કાન્તિલાલ ઉજમશીભાઈ.
૨૫) ,, તારાચંદ હીરાલચંદ.
૨૧) ,, પ્રેમચંદ રવચંદભાઈ
૨૧) ,, જેશંગલાલ જીવરાજ.
૨૧) ,, હાથીભાઈ કકલભાઈ.
૧૧) ,, જેસંગલાલ અમુલખભાઈ.
૧૧) ,, ભોગીલાલ ખાદરમલ.
૧૧) ,, રતનલાલ ચેલજીભાઈ.
૮) ,, કેશવલાલ ત્રુમચંદભાઈ.
૫) ,, રમણીકલાલ કાળીદાસ.
૫) ,, તલાટી ચંદુલાલભાઈ
૫) ,, રતીલાલ કાળીદાસ પરીખ.
૫) ડૉ. કાન્તિલાલ હા. પ્રભાબેન
૫) મેતા. મૂળચંદ જોઈતાભાઈ.
[illegible]) શ્રીમતી પ્રભાબેન પરીખ
૨) ,, ચંપાબેન વેલચંદ
૨) શ્રીમતી વિમળાબેન કાન્તિલાલ.
૨) ગાંધી ગફુરભાઈ કસ્તુરભાઈ.
૧) શ્રીમતી અંદરબેન.

૩૧) પૂ. સાધ્વીવર્ય શ્રી જય પ્રભાશ્રીજી મ. ના સાનિધ્યે વિદ્દ્વર્ય સા. શ્રી પુણ્યપ્રભાશ્રીજીના સદુપદેશથી. **વિસનગર**

૨૫) પૂ. સાધ્વીવર્ય શ્રીભાનુજી મ. ના. સદુપદેશથી શ્રી ગઢ જૈન શ્રાવિકા સંઘ તરફથી (જ્ઞાનખાતે ઉપજમાંથી.)

---

## કાળ ધર્મ પામ્યા.

પૂજ્યપાદ્ આચાર્યભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના સાધ્વીવર્યશ્રી વિમલશ્રીજી મ. ના. શિષ્ય વર્ય વયોવૃદ્ધ સાધ્વીવર્યશ્રી ચંદનશ્રીજી. નેવું વર્ષની ઉંમરે આસો સુદી ૭ ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. સ્વ. સાધ્વીશ્રીજીનો દિક્ષા પર્યાય ત્રીસ વર્ષ સુધીનો હતો. શ્રી. સંઘ તરફથી ઉત્સવ પૂર્વક સ્મશાનયાત્રા કાઢવામાં આવી હતી. અને સાધ્વીશ્રીજી લલીતાશ્રીજી. તથા સા. શ્રી ચંપકશ્રીજી વિ. ઠાણાઓની સાનિધ્યમાં સંઘના શ્રાવીકા બેનોએ દેવવંદન કરવામાં આવેલ હતા.

# જૈનોપનિષદ્

લે:—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

**तथा विध द्रव्यक्षेत्रकालभावेनधर्मरक्षकाः**

જેઓ તથાવિધ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ધર્મનું રક્ષણ કરનારા છે તે જૈનો જાણવા. જે જે કાળે જે જે ઉપાયો વડે જૈનધર્મનું રક્ષણ થાય તે તે ઉપાયોને સેવવા જોઈએ. જે જે દેશમાં જે જે બળ, કળ, યુક્તિ, પ્રયુક્તિ ઉપદેશ વગેરેથી રક્ષણ થાય તે ક્ષેત્રે તે કરવું જોઈએ. જે જે ભાવવડે અને જે જે મનુષ્ય વડે જૈનધર્મનું રક્ષણ થાય તેમ કરવામાં જૈન બચ્ચાઓ કદી પાછા ન પડવું જોઈએ ખરા જૈનોના રક્ષણમાં અને તેની વૃદ્ધિમાં જૈનધર્મની રક્ષાનો અંતર્ભાવ થાય છે. ધર્મનું રક્ષણ કરવાથી તે સર્વ વિશ્વ જીવોનું રક્ષણ કરે છે. માટે જૈનધર્મનું અવશ્ય રક્ષણ કરવું જોઈએ, જૈનધર્મનું રક્ષણ થાય એવાં સર્વ પ્રકારનાં ઔત્સર્ગિક તથા આપવાદિક સંપાપ્ત કરવાં જોઈએ.

**આ જૈનધર્મનો સર્વત્ર પ્રચાર કરવામાં આત્મબળ ભોગ આપતાં જે પાછો પડે છે એવા જૈનને નામોશી લાગે છે. તેના પૂર્વજો તેના પર શાપ પડે છે. પૂર્વે બૌદ્ધોની સાથે જૈનધર્મની રક્ષા કરવામાં શ્રીમલ્લવાદી વગેરે આચાર્યોએ જે આત્મભોગ આપ્યો હતો તેનું સ્મરણ કરીને વર્તમાનકાળમાં વર્તતા જૈનોએ જૈનધર્મની રક્ષામાં ચાંપતા ઉપાયો લેવા જોઈએ. જેનામાં જૈનધર્માભિમાન નથી તે જૈન થવાને લાયક નથી જૈનધર્મ જો દુનિયામાં જીવતો રહેશે તો જૈનોની ચડતી કાયમ રહેવાની પૂર્વકાલના જૈનોનાં સંતાનોમાં જો જૈનધર્મના અભિમાનનો જુસ્સો નરમ પડી જશે, તો તેઓ દુનિયામાં ધૂળથી પણ હલકા ગણાવાના. જેઓ નાસ્તિક બનીને જૈનધર્મનો ત્યાગ કરે છે.** તેઓ દેશ, કોમ, જ્ઞાતિ, વિગેરેનું કલ્યાણ કરવા સમર્થ [illegible]ના નથી.

ધર્મની શ્રદ્ધા વિનાના મનુષ્યોમાં આત્મબળ પ્રગટી શકતું નથી. ધર્મ વિનાની બાહ્યોન્નતિ કરવાથી અંતે વિશ્વના મનુષ્યોને ખરી શાંતિ મળતી નથી. માટે ધર્મ શ્રદ્ધા, ધર્માભિમાન ધારણ કરનારા જૈનોએ ધર્મની રક્ષા થાય એવાં હાલ તો આપદ્ધર્મને અનુસરી કામ કરવા જોઈએ.

*